સંગીત મંગળમય.



લેખક ભિક્ષુકાન્ત.

ॐ

સંગીત

મંગળમય.

(સચિત્ર-સુધારા-વધારા સાથે.)

લેખક, "મણિકાન્ત."

તે

શંકરલાલ મગનલાલ પંડ્યા હળધરવાસવાળા.

"મણિકાન્ત-કાવ્યમાળા" તથા "પાપી પિતા યાને સદ્ગુણી સીતા"

ઈ૦ ના લેખક.

ઠે૦ ગાયવાડી, માધવજી ઠાકુરશીનો માળો-મુંબઈ નં. ૨.

પ્રકાશક,

મંગળદાસ નથુભાઈ ખરીદીયા.

ઠે. રાયપુર, આકાશેઠના કુવાની પોળ-અમદાવાદ.

સોલએજન્ટ,

સોજીતરીયા બ્રધર્સ-બુકસેલર્સ.

ઠે. લખમીદાસ ખીમજીનો માળો, ગણેશવાડી-મુંબઈ નં. ૨.

કીંમત રૂ. ૦-૫-૦.

આવૃત્તિ ૫ મી.

પ્રત ૧૫૦૦.
કુલ પ્રત ૭૨૫૦

સંગીત મંગળમય.

સંવત ૧૯૭૩.

સને ૧૯૧૭.

અમદાવાદ, સલાપોસરોડ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

સાલ મુબારક !

—ગઝલ—

નવિન શુભ સાલ વિક્રમની અહા ! તમને મુબારક હો;
 સદા સુખ સંપત્તિ યશને, હૃદય શુદ્ધિ-મુબારક હો !
કૃપા કિરતારની હોજો, સદા આનંદમાં રે'જો;
 કરો પરમાર્થનાં કામો, અખુટ રિદ્ધિ-મુબારક હો !
તમારાં કષ્ટ સૌ જાઓ, પુરા ધીમંત તો થાઓ;
 શુરા શ્રીમંત કહેવાઓ, સદા સિદ્ધિ-મુબારક હો !
અહાહા !! દમ્પતી વચ્ચે, જીગરનો પ્રેમ બસ જામો;
 રહો સૌ સંપ સંપીને, પ્રજા વૃદ્ધિ-મુબારક હો !
તમોપર જગત્કર્ત્તાની, કૃપા હરદમ અહા ! રે'જો;
 સકળ પરિવાર સુખ પામો, રૂડી બુદ્ધિ-મુબારક હો !
નવિન આ સાલ વિક્રમની, નવિન શુભ આજનો દિન છે;
 સુઆશિષ આપને આપું, અહાહા ! તે-મુબારક હો !

"મણિકાન્ત"

અર્પણ પત્રિકા.

જેઓ બહારથી સફેદ પણ અંદરથી કાળા, ખરો
રસ્તો ચુકાવી દુનિયાને આડે રસ્તે દોરનાર તથા
પારકી પુંજી ઉપર તાગડધીન્ના કરી હજારોને
પાયમાલ કરનાર, કન્યાવિક્રય કરી ઉદર
પોષણ કર્નાર તથા સુધરેલામાં ગણાઈ
ભ્રષ્ટ થનાર, ધનનાં મદમાં અંધ
બનનાર, મનુષ્ય કર્ત્તવ્ય ભુલી
જનાર, એવા અધમ જનોની
આંખ ઉઘાડવા આ લઘુ
પુસ્તક તેઓનેજ
અર્પણ કરૂં
છું.


"મણિકાન્ત."



મણિકાન્ત.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

પતિ સેવા (જુઓ પેજ ૧૩).



ભલે રોગી અભાગી હો! અગર ધનહીન યોગી હો!
પતિ ભગવંત સમ ચાહું પતિવ્રત પ્રાણથી ચાહું!

"મણિકાન્ત."

કન્યાવિક્રયનો "કબાલો"! (જુઓ પેજ ૨૯).



અમારી લાડકી લેવા! ભલે જરદાર આવોને!
અમારૂં મન મનાવાને મની કલદાર લાવોને!

"મણિકાન્ત."

અહાહા! આજ છે હોળી! (જુઓ પેજ ૫૩).



કસુંબે ચુંદડી બોળી! અહાહા!! આજ છે હોળી!
રમાડું રંગમાં રોળી! અહાહા!! આજ છે હોળી!

"મણિકાન્ત."

લક્ષ્મી આર્ટ, ભાયખળા. મુંબઈ.



પ્રાર્થના !

—ગઝલ—

નમું કિરતાર કરૂણાળુ, કુબુદ્ધિ કાપજો પ્યારા;
અમારો ધર્મ સાચવવા, સુબુદ્ધિ આપજો પ્યારા !
ભૂખ્યાને અન્ન દેવાને, પ્રીતે પરમાર્થ કરવાને,
દયાળુ દેવ અમ દિલમાં, દયાને સ્થાપજો પ્યારા !
હળાહળ ઝેરના જેવા, જૂઠાથી જૂજવો રાખી;
હૃદયમાં સત્યતાની છાપ સત્વર છાપજો પ્યારા !
ત્હમારા ગુણ ગાવાને, ભજનમાં લીન્ન થાવાને;
અમારા દેહમાં ભક્તિ રગે રગ વ્યાપજો પ્યારા !
કુડા છે કામ ને ક્રોધ, બૂરા છે મોહ ને લોભ;
કહે "શંકર" અમોને દૂર એથી રાખજો પ્યારા !

"મણિકાન્ત"

મંગળ યાચના!

—ગઝલ—

અમારા હીંદમાં સર્વે
સ્થળે ઇશ સ્થાપજો—મંગળ!
અહા! સૌ આર્યના અંતર;
વિષે બસ વ્યાપજો—મંગળ!
કરી મન માનતી વૃષ્ટિ;
વધાઈ આપજો—મંગળ!
પ્રભુ ભારત તનૂ દિલમાં;
ભલાઇ છાપજો—મંગળ!
વધો હુન્નર કળા હીંદે;
સકળ કાર્યો થજો—મંગળ!
વળી વ્યાપાર પણ વધજો,
સુબુદ્ધિ વાધજો—મંગળ!
તમો પાસે સકળ પત્નિ;
પતિનું માગજો—મંગળ!
ગવાજો ગીત ને વાજાં;
વિભૂજી વાગજો—મંગળ!

"મણિકાન્ત"

ગઝલમાં ગુલતાન!

ગઝલમાં હું બન્યો ઘેલો !
　　ગઝલ દિલજાન! ગાવા દે !
હજારો કામને છોડી !
　　અહા ! ગુલતાન થાવા દે !
ગઝલના હોજમાં હર્ષે !
　　અહાહા ! યાર ! ન્હાવા દે !
ગઝલ રસથી ભરી પ્યાલી !
　　પી ને મસ્તાન ! થાવા દે !
નથી ખાવું નથી પીવું !
　　મઝા બસ ! એ ઉડાવા દે !
અયે ! નિદ્રા ! જંજે નાસી !
　　નશો ! એનો ચ્હડાવા દે !
નીતિ, શૃંગારના કાવ્યો !
　　ગઝલમાં હા ! બનાવા દે !
વિષય વૈરાગ્યનો વીરા !
　　ગઝલમાં રે ! બતાવા દે !
ભલે છે અન્ય રાગો પણ !
　　ગઝલમાં ગાન ! થાવા દે !
વળી વાજીંત્ર તે સાથે !
　　ગઝલમાં હા ! બજાવા દે !

"મણિકાન્ત"

વિભૂ વાક્ય.

—ગઝલ—

જગતમાં ધર્મની પડતી અધર્મે થાય છે જ્યારે,
નિરાકારી છતાં ભારત ! લઉં અવતાર હું ત્યારે.

* * * *

ભજે જે ભાવથી મુજને ત્રિવિધિ તાપ-કાપું છું !
કરે પરમાર્થ જે પ્રેમે પ્રથમનાં પાપ-કાંપું છું !
સદાચરણે સદા ચાલે દિધેલા શ્રાપ-કાપું છું !
જીગરમાં તે જનો કેરી ભલી હું છાપ-છાપું છું !

* * * *

કરે આરાધના મ્હારી પછી તપની-નથી પરવા !
રહ્યો જેના હૃદયમાં હું પછી જપની-નથી પરવા !
પિછાને જે મ્હને ત્હેને અવર લપની-નથી પરવા !
પુરાણો કે, પુરાણીની અગર ગપની-નથી પરવા !

"મણિકાન્ત"

ૐ

સંગીત



મંગળમય.



પ્રભુ સ્તુતિ.

—વસંતતિલકા છંદ—

ત્રાતા તમે સકળના કરૂણા કરો છો,
દાતા તમે જગતના દુઃખને હરો છો;
આપો સુબુદ્ધિ અમને દરરોજ પ્યારા,
સ્નેહે નમું સુખકરા પ્રભુજી અમારા.

—ગીતિ—

મંગળમય મન મ્હારૂં "મંગળમય" પુસ્તક લખતાં આજે;
મંગળમય સૌ ઈચ્છું, મંગળ વાજાં સર્વ સ્થળે વાજે.

અસ્તુ.

" વનમાં વાંસલડી વાગે છે ! "

(માત્રામેળ તોટક છંદ.)

(સખી સ્વપ્ન મહી મન મોહનમેં—એ રાગમાં પણ ગવાશે.)

મધુરો સ્વર ક્યાં થકી આવે છે ? અમૃત વૃષ્ટી વરસાવેછે;
અતિ પ્રિય શ્રવણને લાગે છે, વનમાં વાંસલડી વાગે છે !
રે ! ગાય ગોપ સૌ સ્તબ્ધ રહ્યાં,
યમુનાં જળ જોને ! શાન્ત થયાં;
પશુ પક્ષી વિચરવું ત્યાગે છે, વનમાં વાંસલડી વાગે છે !
મમ અંતરમાં કંઇ થાયે છે,
મોહન મળવા મન ચ્હાયે છે;
રે ! ભૂખ તરસ પણ ભાગે છે, વનમાં વાંસલડી વાગે છે !
જો ! તપધારીએ તપ મુક્યાં,
ધ્યાની યોગી નિજ ધ્યાન ચુક્યા;
નર નાર નીંદથી જાગે છે, વનમાં વાંસલડી વાગે છે !
સખિ મોહનને મળવા ચાલો,
મધુવનમાં નંદ તણો લાલો;
મન ભૂધર ભક્તિ માગે છે, વનમાં વાંસલડી વાગે છે !

" અલબેલું યૌવન આવે છે ! "

(માત્રામેળ-તોટક છંદ.)

વધતાં વય કન્યા શરમાયે, બદલાતું બાળાપણ જાયે;
રે ! રમત ગમત વિસરાવે છે ! અલબેલું યૌવન આવે છે !
મન નવિન વિચાર વિષે રમતું,
ભણવા ગણવાનું ના ગમતું;
ચંચળ ચિતડું ચમકાવે છે, અલબેલું યૌવન આવે છે !
સ્તન નિતંબ ગુરૂતાને ધરતાં,
કટિ લચકાયે હરતાં ફરતાં;
સ્મિત હાસ્ય ધ્વજા ફરકાવે છે, અલબેલું યૌવન આવે છે !
બસ મદન અગન તનમાં લાગે,
યૌવનની વાંસલડી વાગે;
તન અવય સકળ વિકસાવે છે, અલબેલું યૌવન આવે છે !
મન થાય અલૌકિક રસવાળું,
તજી ઓઢણી અંગ ધરે સાળું;
રતિ રંગ હૃદય રેલાવે છે, અલબેલું યૌવન આવે છે !
ભરથાર તણો મન મંત્ર ભણે,
ચતુરા ચીંતાનો કોટ ચણે;
વિરહાનળ શોર મચાવે છે, અલબેલું યૌવન આવે છે !
તન રંગ સુવર્ણ સમો થાયે,
મુખ મંડળ રક્ત બની જાયે;
ચક્ષુને ચપળ બનાવે છે, અલબેલું યૌવન આવે છે !
અલબેલું યૌવન આવે છે !
તે મોહક મંત્ર જપાવે છે !
રસઘેલું યૌવન આવે છે ! અલબેલું યૌવન આવે છે !

" ઘનરાજ સવારી આવે છે ! "

(માત્રામેળ-તોટક છંદ.)

જો! વાદળમાં ડંકો વાગ્યો, રે! સૂર્ય છુપાવાને ભાગ્યો;
વિજ શ્વેત ધ્વજા ફરકાવે છે, ઘનરાજ સવારી આવે છે!
જો ! મોર મીઠા ટૌકાર કરે,
દ્રઢ ભક્ત પપૈયા ખુશ ખરે !
તે પિયુ પિયુ શબ્દ સુણાવે છે, ઘનરાજ સવારી આવે છે!
પક્ષી સૌ માળામાં પેસે;
વનચર જૈ વૃક્ષ નિચે બેસે;
પંથીનો પીંડ ધ્રૂજાવે છે, ઘનરાજ સવારી આવે છે !
રે ! પવન વાય છે શિતકારી,
જો ! મેઘ ગર્જના છે ભારી;
તે ઝાડ પાન ડોલાવે છે, ઘનરાજ સવારી આવે છે !
કૃષિકાર હૃદયમાં ખુશ થાએ,
નરનાર મલ્હાર મિઠા ગાયે;
સૃષ્ટિને શાન્ત બનાવે છે, ઘનરાજ સવારી આવે છે !
ઝરમર ઝરમર વરસે વારી,
ખળખળ વ્હેતું જળ જો ભારી;
ગરમીનું નામ ભુલાવે છે, ઘનરાજ સવારી આવે છે !
વિરહી વામા વર વાટ જુવે !
" રે ! ઘેર પધારો નાથ હવે ! "
પિયુના પર પત્ર પઠાવે છે, ઘનરાજ સવારી આવે છે !

" પતિવ્રત પ્રાણથી પ્યારૂં ! "

—ગઝલ—

અમારૂં સ્વર્ગનું બારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં;
અમોને મોક્ષ દેનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
સુબુદ્ધિ સાથ વસનારૂં કુબુદ્ધિ દૂર કરનારૂં;
પિયૂનો પ્રેમ પાનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
ભલે ભૂખે મરી જઇએ કદી કંગાલ જો થઇએ;
દુઃખો દેખી ન ડરનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
અમોને કેદમાં રાખો કદાપી બેડીઓ નાંખો;
છતાં ના ટેક તજનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
ભલેને ભય ઘણો આપો કદી તરવારથી કાપો;
નહિ તલભાર ડગનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
ઘણું દુઃખ સાસરે સહિશું કદી ના કોઇને કહિશું;
અમારા શ્રેયને સારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
પતિ જો હોય પતવાળો કુટિલ યા અંધ હો કાણો;
તથાપી ચિત્ત ચ્હાનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
ભલે રોગી અભોગી હો ! અગર ધનહીણ યોગી હો !
ધણી ભગવંત સમ ધારૂં પ્રતિવ્રત પ્રાણથી પ્યારૂં !
અભણ કે હોય અજ્ઞાની શકે ના પ્રેમને જાણી;
છતાં શિરછત્ર છે મ્હારૂં; પતિવ્રત પ્રાણથી પ્યારૂં !
અમારો દેવ છે સ્વામી અમારી ભક્તિ ત્યાં જામી;
હૃદય ભરથાર રટનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં !

ભર્યા ભંડાર નાણુંથી સુવસ્ત્રો કે, ઘરેણુાથી;
કદી ના ચિત્ત ચળનારૂં પતિવ્રત પ્રાણુથી પ્યારૂં!
નહિ લલચાઇયે લોભે નહિ મન માનશે મોહે;
ખરેખર! એ બધું ખારૂં પતિવ્રત પ્રાણુથી પ્યારૂં!
રવિ પશ્ચિમ ઉદય થાયે સિંહણુસુત તૃણુ જો ખાયે;
તથાપિ હામ ના હારૂં પતિવ્રત પ્રાણુથી પ્યારૂં!
દ્રુપદ-તનયા અને તારા સુકન્યા ને સતી સીતા;
પતિવ્રત તેહ સમ પાળું પતિવ્રત પ્રાણુથી પ્યારૂં!

* * * *

કહે "શંકર" સફળ 'જીવ્યું' મળે જેને સતી નારી;
તરે પોતે અને નિજ નાથને સંસાર દે તારી.

"મોહક મોરલી!"

(દાસ પરે દયા લાવો રે-એ રાહ.)

મોહક મોરલી વાગીરે (૨)
મોહનવરની-મોહક મોરલી વાગી!
સૂતીતી શાન્ત બનીને, નિદ્રામાં નાદ સુણીને;
રજનીએ ઝબકી જાગી જાગી રે! મોહનવરની.
સૂનાં ઘરબાર છોડી, મુરલી સાંભળવા દોડી;
લગની લાલાની લાગી લાગી રે! મોહનવરની.
આધારે ચાલી સ્વરને, ભેટી હું ભૂધરવરને;
આ ભવની ભાવટ ભાગી ભાગીરે! મોહનવરની.

ઢોંગી વૈરાગીને.

(મૂખડાની માયા લાગીરે—એ રાહને મળતો.)

ઓરા આવો વૈરાગીરે, વાત સુણાવું (૨)
સંસાર શાને છોડયો ? ગૃહસ્થાશ્રમને કાં તોડયો ?
જીવ જોગવટામાં જોડયોરે, વાત સુણાવું. ઓરા.

શા કારણ ઝાલી ઝોળી ? અંગે વિભૂતિ ચોળી;
ભરમાવો દુનિયા ભોળી રે, વાત સુણાવું. ઓરા.

ગલીએ ગલી ફેરા ફરતાં, ભટકીને પેટજ ભરતાં;
કલ્યાણ ન કોનું કરતારે, વાત સુણાવું. ઓરા.

વનમાં જૈને ના વસતા, ભાવે ના ભૂધર ભજતા;
સંસાર હજુ ના તજતારે, વાત સુણાવું. ઓરા.

છે કામ ક્રોધ તમ સાથે રે ! મોહ લોભ સંગાથે;
માયા ફરતી તમ માથે રે, વાત સુણાવું ઓરા.

જો જોગવટાને જાણો ગિરનારે તંબુ તાણો;
ભક્તિમાં મૉજજ માણોરે, વાત સુણાવું. ઓરા.

" એવી દયાને શું કરે ? "

હરિગીત છંદ.

નિર્દોષ પક્ષી પાડવા ગોળી છુટી બંદૂકથી,
પોકાર પાડીને પડયું પક્ષી બીચારૂં વૃક્ષથી;
નિરખી તફડતું તેહને હણનારનું અંતર બળે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૧

અરજી સુણીને મેઘજી આવ્યા ન ચોમાસા વિષે,
દુનિયાં દુઃખી દુષ્કાળથી જન ભૂખથી મરતાં દીસે;
પણ માઘ માસે મેઘજી લાવે દયા અવની પરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૨

પૈસો ઘણો પ્યારો ગણી બાળા વળાવી વૃદ્ધને,
બાળાપણે વિધવા થતાં આવી દયા દુર્બુદ્ધને;
દુઃખ દેખતાં દિકરી તણું રે ! આંખ આંસુથી ભરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૩

રે ! નવિન વહુના બોધથી મૈયત પ્રીયાના પુત્રને,
બાળાપણે તરછોડીયો સમજયો નહિ ઘરસૂત્રને;
પત્તો મળ્યો ના પુત્રનો મનમાં મુઝાઈને મરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૪

ધનવાન હું પદમાં રહ્યો આપ્યું નહિ કંગાલને,
દુર્બળ હતો રે ! ભૂખથી પૃથ્વિ પડ્યો તત્કાળ તે;
પડતાં મરણ પામ્યો દયા ધનવાનના દિલમાં ઠરે,
પાછળ પછાડે પૂંછડું એવી દયાને શું કરે ? ૫
કબજે કરી કીલ્લો કતલ શાહે ચલાવી શહેરમાં,
હો ! બાળવૃદ્ધ યુવાન પણ સૌ કો' કપાયા કે'રમાં;
પોકાર મરતાંનો સુણી અફસોસ કરતો શાહરે,
પાછળ પછાડે પૂંછડું એવી દયાને શું કરે ? ૬
શર સાંધીને મૃગ મારવા રે ! પારધી પુંઠે પડ્યો,
શર વાગતાં ધરણી ઢળ્યો પોકાર મૃગલીને કર્યો;
મૃગલી મરી શીર પટકીને ઘાતક દયાથી થરથરે,
પાછળ પછાડે પૂંછડું એવી દયાને શું કરે ? ૭
પ્હેલાં હૃદય કંપે નહિ એવી દયા શું કામની ?
મૃત્યુ થતાં આણે મયા રે ! એ મયા શું કામની ?
“ શંકર ” કહે છે શીર છેદી પાઘ બાંધે શું વળે ?
પાછળ પછાડે પૂંછડું એવી દયાને શું કરે ? ૮

"યુવાની તો દિવાની છે!"

—ગઝલ—

જરા જન જાળવી લેજે અરે! ઝેરી યુવાની છે;
કલંકિત કિર્તિને કરશે ખરે! વૈરી યુવાની છે! જરા.
સદા મન મોહમાં રમતું, રહે પરનારમાં ભમતું;
નીતિને લેશ ના નમતું યુવાની તો દિવાની છે! જરા.
ભલે હો ભ્રાતની નારી અગર હો મિત્રની પ્યારી;
નજર ત્યાં થાય બદકારી ખરાબીની નિશાની છે! જરા.
સગું સ્નેહી નહિ જોશે ભલે વિધવા કદી હોશે;
અરે! અક્કલ બધી ખ્હોશે ભલે ગુણવાન જ્ઞાની છે! જરા.
અભીમાને કરે અંધા! કરાવે નીચના ધંધા;
વિચારો ફેરવે સંધા યુવાની તો ગુમાની છે! જરા.
બનાવ્યા કૈંકને કેદી નખાવ્યાં શીષ કૈં છેદી;
યુવાની શત્રુ છે ભેદી ન માનો કે, મઝાની છે! જરા.
હૃદય કિરતાર ના રટતું નથી પરમાર્થમાં પળતું;
રહે રસભોગમાં ભળતું જીવનની જાણ હાની છે! જરા.
વિકારોને વધારનારી બતાવે પાપની બા'રી;
સુઝાડે બુદ્ધિ ના સારી પિડાકારક પિછાની છે! જરા.
સમજ સંસારના પ્રાણી યુવાની માન મસ્તાની;
અરે! પણ ચાર દા'ડાની યુવાની જાણ ફાની છે! જરા.
કહે "શંકર" જુઠી કાયા! જુઠી સંસારની માયા;
યુવાનીની જુઠી છાયા! જુઠી આ જીંદગાની છે! જરા.

અપંગોની યાચના!

—ગઝલ—

પ્રભુએ જો તને આપ્યું અમોને દાન દેતો જા;
અપંગો આશરો માગે અરે! આશિષ લેતો જા! પ્રભુ.
વિકારોથી ભરી દુનિયાં રૂપી સહરા તણા રણમાં;
વહે પરમાર્થનું વારી ભરી પ્યાલીજ પીતો જા! પ્રભુ.
અરે! સંસાર અરણવ આ અતી મસ્તાન તોફાને;
સખાવતની તરે હોડી ધરી ધનવાન તરતો જા! પ્રભુ.
હજારો રૂપીયા ભાઈ! મઝામાં તું ઉડાવે છે;
લખ્યું જો કિસ્મતે ત્હારા અરે! કૈં ધર્મ કરતો જા! પ્રભુ.
હરિ દરબારમાં જાંવા મુસાફિર છે મજલ મ્હોટી;
ભલા સત્કર્મનું ભાથું અરે! ઓ ભાઈ! ભરતો જા! પ્રભુ.
અમારૂં ટંકનું ભોજન તમારી પાન સોપારી;
દયા દિલમાં વસે જો તો વિનંતી ધ્યાન ધરતો જા! પ્રભુ.
અમોને અન્ન ના મળતું અપંગો શું કરી શકિયે?
બને તુંથી બિરાદર તો અમારૂં કષ્ટ હરતો જા! પ્રભુ.
અમોને જે અપાશે તે વવાશે ધર્મના ક્ષેત્રે;
મળે આ પુણ્યનું ટાણું, અહા! સ્નેહે ઉજવતો જા! પ્રભુ.
અમારા કર્મના યોગે અમે આ કષ્ટ ભોગવિયે;
હૃદયમાં રેંમ લાવીને ફરજ ત્હારી બજવતો જા! પ્રભુ.
અમોને અન્ન જો મળશે તમારી વાંચ્છના ફળશે!
પ્રભુ ત્હારૂં ભલું કરશે! જરા અમને રિઝવતો જા! પ્રભુ.

જેવા દેવ તેવી પુજા!

—ગઝલ—

અમે મુફલેસ તે માટે નકામા કાં સતાવો છો ?
 દયા સાટે અયે આદમ ! તમે તો દમ–બતાવો છો ! અમે.
અરે ! નિર્બળ અપંગોને નથી ભોજન પુરૂં મળતું;
 રખડતા હાલને દેખી તમે કયાં ગમ–બતાવો છો ? અમે.
ભલે ના આપશો ભાઈ! મગર ધક્કા નહિ મારો;
 અરે ! એવું કરી અક્કલ તમારી કમ-બતાવો છો ! અમે.
તમારા એક ધક્કાથી અમે નીચે પડી જઈએ;
 અતી બળવાન તે અમને તમે તાલિમ–બતાવો છો ? અમે.
ગની હો યા ગદા હો પણ પ્રભુ દરબારમાં સરખાં;
 જુલમ જગદીશની દ્રષ્ટે ! અયે ઝાલિમ ! બતાવો છો ! અમે.
મુકી ધનમાલ ને માયા ગયા ચાલી હજારો કૈં;
 જુઓ છો તે છતાં હુંપદ તમે હરદમ–બતાવો છો ! અમે.
ગરીબો છેક છે હલકા ગણી અપમાન કાં આપો ?
 તમારી જાતની હાથે કરી ન્હાનમ–બતાવો છો ! અમે.
અમે તો માગવા લાયક તમે છો આપવા લાયક;
 કરીને કોપની દ્રષ્ટી કટુતા કયમ–બતાવો છો ? અમે.
તમારે આંગણે આવ્યા અમે આશા અતી ધારી;
 અરે ! જા ! કર કરી લાંબો જવું જહન્નમ–બતાવો છો ! અમે.
ભરીને ફંડમાં નાણાં સખાવત–કાં બતાવો છો ?
 અપંગો આશરે આવે અદાવત–કાં બતાવો છો ? અમે.

ઢોંગી ધર્મગુરૂનું ધતીંગ !

—ગઝલ—

ગુરૂજી જો થયા છો તો તમે બસ જ્ઞાન–આપોને !
પ્રભુને ભેટવા ભક્તિ તણું રસ પાન–આપોને !
અરે ! છે દેવ સૌ સરખા ગણીને માન–આપોને !
ખુલાસો પુછિયે તે પર ધિરજથી ધ્યાન–આપોને !

ગુરૂજી સ્વર્ગમાં જાવા બતાવો જ્ઞાનની ઘોડી !
અરે ! સંસારને તરવા બતાવો જ્ઞાનની હોડી !
રહ્યું અજ્ઞાન અંતરમાં ઝપાટે નાંખજો તોડી !
ગુરૂજી, આપ છો મ્હારા કહુંછું હાલ કર જોડી !

લગાવી તેલને અત્તર ફરો છો ફાંકડા ફક્કડ !
નથી કૈં નમ્રતા તમમાં અભીમાને રહો અક્કડ !
જમો મિષ્ટાન ને માવો પિવાને દૂધ ને શક્કર !
મઝા એ રાજ્ય વૈભવને ઘડીભર મારતી ટક્કર !

ચઢી ગાડી અને ઘોડે નથી ફરવા–તમે જનમ્યા !
મઝા ને મૉજ સંસારે નથી કરવા–તમે જનમ્યા !
કરી પધરામણી પૈસા નથી હરવા–તમે જનમ્યા !
ગુરૂજી પારકે તુંબે નથી તરવા–તમે જનમ્યા !

અમોએ જ્ઞાન મેળવવા-ગુરૂજી આપને કીધા !
અમારી બુદ્ધિ કેળવવા-ગુરૂજી આપને કીધા !
હ્રુદયમાં ભક્તિ ભેળવવા-ગુરૂજી આપને કીધા !
અરે ! ના ભક્ત ભોળવવા-ગુરૂજી આપને કીધા !

ગુરૂજી પારકા જર પર ગુજારો-આપ લૈ બેઠા !
જગતને ધૂતવાનો શું ઈજારો-આપ લૈ બેઠા ?
દગાથી દેવના નામે ધુજારો-આપ લૈ બેઠા !
ઈલાજો દ્રવ્યને હરવા હજારો-આપ લૈ બેઠા !

અરે સમજુ જનો કેરી ક રાજી-આપ લૈ બેઠા !
હતા જે અંધ શ્રદ્ધાળુ હરાજી-આપ લૈ બેઠા !
મુકીને નમ્રતા નેવે મિજાજી-આપ લૈ બેઠા !
અરેરે ! ગર્વની ગાદી ગુરૂજી-આપ લૈ બેઠા !

ધ્વજા નિજ ધર્મની હસ્તે ધરીને-કલેશ કાં માંડો ?
પરાયા ધર્મની નીંદા કરીને-કલેશ કાં માંડો ?
અવરના ધર્મનું ગૌરવ હરીને-કલેશ કાં માંડો ?
ગુરૂજી પાપની પ્યાલી ભરીને-કલેશ કાં માંડો ?

ગુરૂ છો આપ ઘરબારી વિરાગી શિષ્યને કરતા !
પછી ધનમાલ લૈ તેનો સુખે ભંડારમાં ભરતા !
નથી લાયક તમોને એ અરે ! કાં લોભ ના તજતા ?
ગુરૂજી આપ જંજાળી જરા ભગવાન ના ભજતા !

અહા ! ધનવાન જો આવે ખુશીથી માન-આપો છો !
દઇ પરસાદના પડીઆ ઉપરથી પાન-આપો છો !
ધકેલા ખાય નિર્ધનીયા છતાં ક્યાં ધ્યાન-આપો છો ?
સુખે ફટકા મરાવીને અરે ! અપમાન-આપો છો !

ભલું ના આપનું ઇચ્છો ! અવરનું શું કરી-શકશો ?
રહ્યું અજ્ઞાન અંતરમાં અવરનું શું હરી-શકશો ?
અરે ! કાગળ તણે નાવે ગુરૂજી શું તરી-શકશો ?
ડુબો છો આપ પોતે તો અમોને શું ધરી-શકશો ?

ગુરૂજી જો ચ્હડે ગુસ્સો મયાથી માફ-હા ! કરજો !
વિકારો વેગળા મૂકી હવે દિલ સાફ-હા ! કરજો !
ખરા ખોટા તણો અંતે અરે ! ઇન્સાફ-હા ! કરજો !
વદે "શંકર" જગતકર્તા તણો બસ જાપ-હા ! કરજો !

કૃષ્ણની બાળલીલા !

—હોરી—

સખીરી મોહન માન મુકાવે (૨)
કામળી કાંધે, લાકડી હાથે, વનવન ધેનું ચરાવે,
મહીયારણનાં મહી ઉતરાવે, ખાય અને ખવરાવે;
ગોવાલણને ગભરાવે ! મોહન માન મુકાવે-સ.
શરદ પુનમની શુભ રજનીમાં, રસિયોજી રાસ રચાવે,
એક એક ગોપીને એક એક કાન્હો થનથન નાચ નચાવે;
મધુરીશી મુરલી બજાવે ! મોહન માન મુકાવે-સ.

પારકે પૈસે-પરમાનંદ !
યાને નવલશા હીરજી !

—ગઝલ.—

અમે પેઢી ઉઘાડી છે મઝા મૉજો ઉડાવાને;
અમોએ બેંક કાઢી છે ગરીબોને રડાવાને ! અમે.

તમારા રૂપિઆ લાવો જમે અમ બેંક મંડાવો;
અમે હાજર છિએ આવો હુકમ માથે ચ્હડાવાને ! અમે.

સુભાષિત શબ્દ ભાખીશું તમારૂં દ્રવ્ય રાખીશું;
મઝાનું વ્યાજ આપીશું પછી પોકો પડાવાને ! અમે.

અમે મોટર વસાવીશું નવી બિલ્ડીંગ બનાવીશું;
પુરો ભપકો બતાવીશું પ્રથમ પૈસા કઢાવાને ! અમે.

બનીશું ફાંકડા એવા નવલશા હીરજી જેવા;
કરીશું કૈંકના દેવા ઘરેણાં તો ઘડાવાને ! અમે.

પુનાની રેસમાં જઇશું, જુગારે દોકડા દઇશું;
અજબસટ્ટો ઉઠાવીશું, અહા ! કિસ્મત લ્હડાવાને ! અમે.

બનીશું મીલના માલિક, હજારોના થશું પાળક;
મુકીશું મીલને ગીરો, નગદ નાણાં કઢાવાને ! અમે.

કરીશું કુંપની ઉભી, ખરેખર! વાપરી ખૂબી;
અમે શૅરો ભરાવીશું, સબંધીને ફસાવાને! અમે.

ડબલ શૅરો બનાવીશું, પ્રજામાં તે ખપાવીશું;
ખુશીથી વ્યાજ આપીશું સુખે મૂડી પચાવાને! અમે.

કરીશું હાથને કાણુા, ભરીશું ફંડમાં નાણું;
સખી શ્રીમંત છે એવું, જગતને તો જણાવાને! અમે.

અમારી ધારણા એવી, સખાવતમાં રકમ દેવી;
થવું સર, નાઈટ કે જે. પી. અહા! મ્હોટા મનાવાને! અમે.

અહાહા! પાર્ટિઓ આપી, વિગત-છાપા વિષે છાપી;
જશે જશ જગ વિષે-વ્યાપી, પુરા પ્રખ્યાત થાવાને! અમે.

ટિલાં તાણી ભગત થૈશું, હવેલી મંદિરે જૈશું;
વસૂ પરમાર્થમાં દૈશું, મહા ધર્મી ગણાવાને! અમે.

બનીશું બૅંકના ટ્રસ્ટી બગાડીશું પછી દ્રષ્ટિ;
હજમ મીલકત કરીશું તે અહા! રાંડો નચાવાને! અમે.

અવલથી વાપરી અક્કલ પ્રિયાના નામ પર મિલકત;
ચ્હડાવીશું નહિ હરક્ત હજારોને હરાવાને! અમે.

અમારો ધીકતો ધંધો ધિરજ ધારી ધખાવીશું;
તગાદા બહુ થશે ત્યારે દેવાળાને દિપાવીશું! અમે.

સુધરેલાનો સંતાપ.

—ગઝલ.—

સુણો સાથી સુધારાના અરે ! સૌ આંહિ આવોને;
તમારા ભાષણે ભૂલ્યો, હવે રસ્તો બતાવોને! સુણો.
તમારા રાહ પર ચાલી, સુધારો ઘર વિષે ઘાલી;
પીધી મ્હેં ઝેરની પ્યાલી, તમે તેથી બચાવોને ! સુણો.
પ્રિયાનાં પોલકાં લાવી, નવિન પોષાક પહેરાવી;
ગરીબી ઘર વિષે આવી, હવે તેને હઠાવોને ! સુણો.
પ્રિયા ઘર કાજને છોડી, ચઢાવી બૂટની જોડી;
હવા ખાવા જતી દોડી, કેહે " નોકર વસાવોને ! " સુણો.
" નથી હું કાંઈ ભઠીયારી, નથી કૈં કામ કરનારી;
હવે હકદાર હું નારી, નિમયસરનું બજાવોને ! સુણો.
સુધારો આપણે માથે, નહિ ખાવા કરૂં હાથે;
પિયૂજી રાંધવા માટે, રસોયો એક લાવોને ! સુણો.
સુશોભિત ડ્રેસ લાવોને, સરસ ચશ્માં અપાવોને;
હુકમ મ્હારો બજાવોને, મડમ મુજને બનાવોને ! સુણો.
જવું ફરવા પગે ચાલી, સુધારાની નહિં વ્હાલી;
દિયો એ આપદા ટાળી, સરસ સાઇકલ અપાવોને ! સુણો.
બનું હું રાયની રાણી, જવું નાટક વિષે જાની;
ટિકિટ લાવો તમાસાની, સુધારાને વધાવોને ! સુણો.
ઘણું છે કામ તમ માથે, તમે ના આવશો સાથે;
પુલાજી ફ્રેન્ડને માટે, ટિકિટ બીજી મગાવોને ! સુણો.

અદેખા શું બનો એમાં? કુલાજી સાથ છે તેમાં;
સુધારો છે રહ્યો જેમાં, જરા વિશ્વાસ લાવોને! સુણો.
સુધારાના થયા સાથી, પછી ખટપટ કરો આ શી?
કરે અજ્ઞાનિયો હાંસી, કુધારાને હરાવોને!" સુણો.
સુધારો આ જુઓ યારો! તમોને જે અતિ પ્યારો;
હવે લાગે મને ખારો! ભલે ભપકો બતાવોને! સુણો.
ખરચ પોષાય કયમ આવું? મુસારો સાઠનો લાવું;
પ્રિયાને કેમ સમજાવું? જરા યુક્તિ જણાવોને! સુણો.
રસોયો કયાં થકી રાખું? હૃદયનું દુઃખ કયાં દાખું?
નિસાસા હાય! હું નાખું, દયા દિલમાં ધરાવોને! સુણો.
છકેલી કૈં થઈ નારી, જરાએ લજ્જ ના ધારી;
પતિ તો શાક તરકારી, પતિવ્રત તો પળાવોને! સુણો.
લજાવ્યા તાતને કૈંએ, બનાવ્યા ભ્રાતને કૈંએ;
ડુબાવ્યું કુળ હા! કૈંએ, ભલે દિલને મનાવોને! સુણો.
નિયમસર છુટ છે સારી, નિયમસર કેળવો નારી;
નિયમસરની બલીહારી, નિયમસર સૌ ચલાવોને! સુણો.
સુધારો! એ તમારો તો, ભલે તમને મુબારક હો!
અરે પસ્તાઊં છું પૂરો, પ્રભુ તેથી બચાવોને! સુણો.

* * * *

સુણી 'શંકર' કહે શાણા! ભવાડા આ 'સુધારાના!'
સુણી ના કોપશો પ્યારા! અરજ દિલમાં ઠસાવોને! સુણો.

કન્યાવિક્રયનો "કમાલો"!

—ગઝલ—

અમારી લાડકી લેવા, ભલે જરદાર આવોને;
 અમારૂં મન મનાવાને, 'મની' કલદાર લાવોને! અમારી.
અમે ના રૂપને જોતા, નથી કુળવાનને મ્હોતા;
 કરન્સી બેંકની નોટો, અવલ અમને અપાવોને! અમારી.
ભણેલા કે અભણ આવો, ભલે અજ્ઞાનીને લાવો;
 અમારો દામ પર દાવો, દઈ દિકરી ઉઠાવોને! અમારી.
ભલે ભુંડો અગર ગાંડો, ભલે રાખે ઘણી રાંડો;
 ભલે પરણ્યા પછી છાંડો, નગદ દમડા અપાવોને! અમારી.
જુવાનીને નથી જોતા, બુઢાપાને નથી રોતા,
 નથી જોવો ખરો ખોટો, ખરીદીને ખટાવોને! અમારી.
હશે કન્યા થકી ન્હાનો, છતાં ના રાખશો છાનો;
 કજોડાનો નથી વાંધો, વસૂ વેગે વસાવોને! અમારી.
ભલે દર્દી દિવાનો હો! કુટિલ યા અંધ કાણો હો;
 અગર શયતાન શાણો હો! ખરે ખીસ્સાં ભરાવોને! અમારી.
રૂપાળી લાડકી મ્હારી, વયે મ્હોટી મનોહારી;
 થવું જો હોય ઘરબારી, અમારૂં મન મનાવોને! અમારી.
નહિ કન્યા મળે સોંઘી, અમારી માગણી મોંઘી;
 વગર ધનના બધા ઢોંગી, અહીંથી દૂર જાવોને! અમારી.

થવું જો હોય વરરાજા, પ્રથમ અમને કરો તાજા;
પછી વગડાવજો વાજાં, હજારી પાંચ લાવોને ! અમારી.
અમોને રૂપીયા દેશો, છતાં ના કોઈને કે'શો;
હૃદયમાં જાળવી રે'શો, ૦ડીવા વ્હાલે વધાવોને ! અમારી.
ત્રીજોરી કોઈની ફાડો, અગર દેવું કરી કાઢો;
ગીરો ઘર કે મુકો વાડો, ભલા અક્કલ લડાવોને ! અમારી.
અમારી લાડકી બેટી, ઉછેરી આપદા વેઠી;
હવે પૈસે ભરો પેટી, પછી પલ્લુ કરાવોને ! અમારી.
અમારી માગણી એ છે, તમારૂં દિલ શું કે' છે ?
"કબાલો" આ કબુલ છે કે ? વિચારીને જણાવોને ! અમારી.
\+ + + + +
સુણી "શંકર" કહે સ્વાર્થી ! તમારૂં ધીઃક છે જીવ્યું !
કમાવા હોય ના સત્તા ! ભલે માથું મુંડાવોને ! અમારી.

વાંઢાની વિનંતી !

—ગઝલ—

દયાળુ દીકરીવાળા દયા વાંઢાપરે લાવો;
દુઃખી છે જીંદગી મ્હારી કૃપાળુ કોઇ પરણાવો ! દયાળુ.
સુનૂં ઘરબાર મ્હારૂં છે વિના નારી અકારૂં છે;
પરણવું પ્રાણ પ્યારૂં છે હવે ના લેશ તરસાવો ! દયાળુ.
સકળ લોકે કહે "વાંઢા" ભરૂસો તેહનો છાંડો;
કહે છે લોકો કૈં ગાંડો તપેલાને નહિ તાવો ! દયાળુ.

સગું ના કોઈ સંગાથે અરેરે ! ! રાંધવું હાથે;
વળી ઘરકામ તે સાથે કરૂં હું કેમ ? બતલાવો ! દયાળુ.
કડાકુટ ઘર તણી કરવી નિયમસર નોકરી ભરવી;
નથી નવરાશ બે પળની કરૂં કો'ના પરે દાવો ? દયાળુ.
હ્રદયની વાત કયાં કરવી ? પ્રિતી પ્યાલી કહાં ભરવી ?
ધિરજ તો કયાં સુધી ધરવી ? નિવેડો તેહનો લાવો ! દયાળુ.
પ્રિયાનાં સ્વપ્ન આવે છે મ્હને મૉજી બનાવે છે;
પ્રભાતે તે સતાવે છે દયા તો કોઇ દરશાવો ! દયાળુ.
પિતા સૌ દ્રવ્યને ચ્હાયે સુતા ધનકાજ વેચાયે;
અછત કન્યા તણી થાયે કુધારો કોઇ અટકાવો ! દયાળુ.
પુરો પૈસો નથી પાસે અરેરે ! ! કેમ પરણાશે ?
કુંવારી જીંદગી જાશે કરૂં દરરોજ પસ્તાવો ! દયાળુ.
સુતાનું દ્રવ્ય લેનારા ! સુણો તમથી કસઇ સારા,
તમો પર શ્રાપ છે મ્હારા હ્રદયમાં લાજ કૈં લાવો ! દયાળુ.
અહો કન્યા તણા વાલી ! પિવાડો પ્રેમની પ્યાલી;
અરેરે ! ! દુઃખ દયો ટાળી લઊં સંસારનો લ્હાવો ! દયાળુ.
વિનંતી આ સુણો મ્હારી ગયો છું હામ સૌ હારી;
કરોને કોઈ ઘરબારી નહિ તો હું બનું બાવો ! દયાળુ.

* * * *

કહે "શંકર" બિચારા રંકને ના દાદ કો' દેતું;
પિતા જયાં દ્રવ્યના લોભી પછી ફરિયાદ કો' લેતું ?

સોળતરિયા બ્રધર્સ.

બુકસેલર્સ, પબ્લીશર્સ, એન્ડ કમીશન એજન્ટસ.

ઠે. ગાણુશવાડી લખમીદાસ ખીમજીનો માળો, ચાલ નં. ૨. મુંબઈ.

અમારે ત્યાંથી દરેક જાતનાં પુસ્તકો ઓર્ડર મળે વી. પી. થી
રવાના કરવામાં આવશે. બહાર ગામના ઓર્ડરો ઉપર પુરતું
અને તાકીદે ધ્યાન આપવામાં આવશે.
બુકસેલર તથા સામટી નકલો ખરીદનારને સારૂં
કમીશન આપવામાં આવશે.

લખો ઉપરના સીરનામે.

યોગી કે, ઢોંગી?

—ગઝલ—

જલાવી દે ! જલાવી દે ! અયે યોગી ! જટા ત્હારી;
અરે ! સંસાર છોડયો છે છતાં માયા અતી પ્યારી.
પિતા માતા તજ્યાં છોરૂ નિસાસા નાંખતી નારી;
સગાં સ્નેહી તજી દીધાં અહા ! ભગવાં તને ધારી.
કમાવું ના ગમ્યું ત્યારે બની બાવા તમે બેઠા;
પડયા સંસારને માથે કપટ પડદા વિષે પેઠા.
શરીરે ભસ્મ ચોળી છે ભલા લોકો ભમાવાને;
અહાહા ! સ્કંધ ઝોળી છે ખરેખર ! જર જમાવાને.
બતાવો મંત્ર ને જાદુ ચમત્કારે તમે પૂરા;
ઉપાધિ એ તમારે શી ? કપટ છળમાં રહો શૂરા.
ભગાવો ઘરં તમે કૈના અરે ! બુદ્ધિ બગાડો છો;
ઘલાવો વ્હેમ કો' ઘરમાં ભમાવી ભૂત કાઢો છો.
અહા ! અલમસ્ત છે કાયા ! હરામી કાં થઈ બેઠા ?
જગતને ધુતવાનો શું તમે ધંધો લઈ બેઠા ?
ભમીને ભીખ માગો છો ઉદર એથી ભરો યોગી !
ગયા છે હાથ શું ભાગી ? અરે ! ધંધો કરો યોગી !
અયે ખાકી ! અયે ખાકી ! કરી લે ખાકથી યારી;
જલાવી ખાક કર માયા પછી એ અંગ લે ધારી.
પડે ના પાસ માયાનો તહાં કર વાસ હે સાધુ !
અલખ ધુનમાં રહે રાચી તજી સૌ આશ હે સાધુ !

"એવડા મંડળીના મેનેજરની આમંત્રણ પત્રિકા !"

—ગઝલ-સોરઠી—

મિજલસ અમારી આજ છે, મૉજો ઉડાવા આવજો !
રે ! એવડાની બાટલી, દમભર ચ્હડાવા આવજો !
છે શુદ્ધ જળ એ ફળ તણું,
હા ! પાક પાણી આપણું;
બસ એજ ગંગાજળ ગણું,
તે ગટગટાવા આવજો !
દોષિત દિવાનાઓ ગણે,
નાદાન તે નિંદા કરે;
બસ બેવકુફી વાપરે;
ભર જામ પીવા આવજો !
લહુઝત શરાબે જે રહી,
પીનાર તો જાણે સહી;
અંજાણ તે જાણે નહિ,
ગમ્મત જમાવા આવજો !
અમૃત અમારૂં એજ છે,
પકવાન પ્યારૂં એજ છે;
બસ સ્વર્ગ બારૂં એજ છે;
એ લાભ લેવા આવજો !

પઇશું અને પીશું અહા !
મસ્તાન તો બનશું અહા !
મનથી મઝા કરશું અહા !
ગુલતાન થાવા આવજો !

મુફ્લેસ થૈશું બે ધડક,
છો આવતા દુઃખના જડક;
પણ બેવડો પીશું કડક,
સૌ પાપ ધોવા આવજો.

રે ! આવજો ! રે ! આવજો !
દિલજાન દોસ્તો લાવજો;
આવી સભા શોભાવજો,
આનંદ કરવા આવજો !

મિજલસ અમારી આજ છે, મોજો ઉડાવા આવજો !
રે ! બેવડાની બાટલી, સ્નેહે ચ્હડાવા આવજો !

* વફા પર જફા! *

—ગઝલ—

સનમ ત્હારી જુદાઈમાં જળું છું હું મરૂં છું હું !
તને તેની નથી પરવા કદમબોસી કરૂં છું હું !
વિરહના તાપમાં ત્રફડું છતાં કાં જાય તરસાવી ?
કદમબોસી અમારી કૈં અરેરે ! કામ ના આવી !
પુજારી હું પડું પાયે દયા દેવી ન તું લાવે !
અમારી બંદગી બીલકુલ નજરમાં હાય ના આવે !
ખુદાની બંદગી કરતાં' ખુદા બેહિસ્ત બક્ષે છે !
નગુણી નાર છે તું તો અગર શયતાન પક્ષે છે ?
અરે ! ના થા અભિમાની ખુદાને એ નહિ ગમશે !
પ્રભુ પ્રેમી પરે રાજી તુમાખી આખિરે નમશે !
અયે દિલબર દિવાનો હું બન્યો છું પ્રેમમાં ત્હારા !
રહમ કર તું ! રહમ કર તું ! સુખન આ સાંભળી મ્હારા !
નથી દૌલત તણી પરવા ! નથી ગુલઝાર વણુ ગમતું !
હ્રદય દિલદારના દીદારના દર્શન વિષે ભ્રમતું !
હવે તરસાવ ના પ્યારી હવાલે જીવ હું આપું !
કહે તો તીવ્ર તલવારે સનમ મુજ શીશ હું કાપું !
પિવાડયો જામ મ્હોબતનો હવે પ્યારી પચાવા દે !
સનમ મસ્તાન મનડાને મઝા મોજો મચાવા દે !
સનમ ત્હારી જુદાઈમાં અમારી જીંદગી ખારી !
સનમ ત્હારી જુદાઈમાં અમારી મ્હોતની વારી !

સનમ જે મ્હાય આપણુને છતાં તેને નહિ ચહિયે !
અરે ! ઈન્સાફની રાહે સદા ત્હેના થઇ રહિયે !
સફા થૈ ઈશ્ક વ્યાપારે નફાનું નામ ના જોયું !
"વફા પર ના જફા કર તું" ખફા થાતાં બધું ખ્હોયું !
પ્રથમ જો પ્રેમ આપો તો દઈને લૂટશો ના ! ના !
મગર મરજી તમારી તો અવલથી આપશો ના ! ના !
અરે ! એ પ્રેમ તૂટયાથી જીગર બસ તૂટશે ત્હેનું !
જહાંથી તે થશે બાતલ ઝવાહિર ખૂટશે ત્હેનું !
રમત ના પાલવે એવી અરે ! એ હાસ્ય ના કરવું !
સનમ ભયભિત એ સોદો સદા એ રાહથી ડરવું !
અમી તુજ આંખમાં રાખી ભ્રમરને ભેટવા દેને !
અધર પર મધ રહેલું તે લબોથી ચુસવા દેને !
દુ:ખી આ જીંદગી મ્હારી સુખી ત્હેને થવા દેને !
સનમ બેહાલ દર્દીને દવા દેને ! દવા દેને !
સનમ તું બોલ બોલે તે સુખન છે શાસ્ત્રના મ્હારે !
ચતુરા હું બનું ચેલો ગુરૂપદ તું ભલે ધારે !
દિવાનો છો કહે લોકો નથી પરવા મ્હને ત્હેની !
ઉદાસી આશરે આવ્યો ઉડાવી દેજ બેચેની !
હવે તો હદ થઈ હાયે ! હઠીલી હઠ ધરી ખ્હોશે !
કજા મ્હારી થશે એથી ભરીને પેટ તું રોશે !
પછી અફસોસ તું કરશે ! નહિ આશક મળે આ'વો !
સનમ તું ભોગવી લેને ! ભલો સંસારનો લ્હાવો !

ચાલુ જમાનાનો "સુધારો"!

—ગઝલ—

જમાનો વહિ ગયો જૂનો ! અરે ! ફૅશન વિના સૂનો !
  અમોને શૅાખ પ્યારો છે, અમારો એ 'સુધારો' છે !
ગમે ના પાઘડી જરીયે, શિરે ટોપી ધરી ફરીયે;
  જુનો ધારો અકારો છે, અમારો એ 'સુધારો' છે !
વિના દર્દે ધર્યો ચસમો, ભલે આંખે પડે વસમો !
  સુનેરી ફ્રેમ વાળો છે, અમારો એ 'સુધારો' છે !
ભલે ઘરમાં નથી ખાવા, ભલે બાપા બને બાવા;
  નવિન પોષાક પ્યારો છે, અમારો એ 'સુધારો' છે !
ગમે ના જ્ઞાનનાં પોથાં, નકામાં એ બધાં થોથાં;
  સરસ શૃંગાર પ્યારો છે, અમારો એ 'સુધારો' છે !
નથી કિરતાર જેવું કૈં, ભૂલી ભટકી મરે છે કૈં;
  વકુફ વણુ એ વિચારો છે, અમારો એ 'સુધારો' છે !
પુરાણો શાસ્ત્ર છે ખોટાં, નકામાં ખાય સૌ ગોથાં;
  ધરમ ખાલી ધખારો છે, અમારો એ 'સુધારો' છે !
પુજા નેં સ્નાન સંધ્યાનું, વળી પરમાર્થ કરવાનું;
  નકામો એ કૂટારો છે, અમારો એ 'સુધારો' છે !
ગમે ના ઘર મહીં ખાવું, સદા હૅાટલ વિષે જાવું;
  તહાંનો સ્વાદ સારો છે, અમારો એ 'સુધારો' છે !

ગમે તે જ્ઞાતિનું ખાવું, અરે ! એહું જુઠું કેવું ?
ખરે ખોટા વિચારો છે, અમારો એ ' સુધારો ' છે !
ફરીશું ફાંકડા ફક્કડ, અભીમાને અતી અક્કડ;
વિનયનો તો ઉધારો છે, અમારો એ ' સુધારો ' છે !
ચ્હડાવી બૂટ ને મોજાં, ફરીશું બાગ વાડીમાં;
ભજન ખાલી લવારો છે, અમારો એ ' સુધારો ' છે !
મરાવી ઑફ ઐરીને, જશું નાટક તમાસામાં;
સુધારાનો વધારો છે ! અમારો એ ' સુધારો ' છે !
અહાહા ! ! બ્રાન્ડી ને બીડી, અમારી સ્વર્ગની સીડી;
પિયે ના તે ગમારો છે, અમારો એ ' સુધારો ' છે !
અનીતિમાં મઝા જેવી, નીતિમાં ના મળે એવી;
કહે કો ' એ કુધારો છે ? અમારો એ ' સુધારો ' છે !
પિતા માતા તણે તાબે, રહેવું એ કહ્યું કોણે;
પ્રિયાનો પ્રેમ પ્યારો છે, અમારો એ ' સુધારો ' છે !
અમે તો પ્યારમાં ઘેલા ! ચતુરાના બન્યા ચેલા !
ગુરૂજી એ અમારો છે, અમારો એ ' સુધારો ' છે !
ગરીબો છેક છે હલકા, નથી મિત્રો થવા જેવા;
અમારો રાહ ન્યારો છે ! અમારો એ ' સુધારો ' છે !
તમોને જે કહી વાતો, સુધારા જુજ છે એ તો;
હજુ બીજા હજારો છે ! અમારો એ ' સુધારો ' છે !
કહે 'શંકર' તમો જેવા ! અરે ! દુનિયાં ડુબાવાના !
અમારો જે કુધારો છે ! તમારો તે ' સુધારો ' છે !

"બળી એ નોકરી કરવી!"

—ગઝલ—

કદર જ્યાં થાય ના કૈં એ, બળી એ નોકરી કરવી;
 પુરા પરતંત્ર જ્યાં થઈએ, બળી એ નોકરી કરવી ! કદર.
સગુ વ્હાલું તજી દીધું, ગમન પરદેશમાં કીધું;
 છતાં ના સુખ પય પીધું, બળી એ નોકરી કરવી ! કદર.
કરી નિજ શેઠની સેવા, જપ્યા ના લેશ જગદેવા;
 રહ્યા જેવા હતા તેવા, બળી એ નોકરી કરવી ! કદર.
મળે દશ બાર કે પંદર, વીશીનું ખર્ચે પણ અંદર;
 રખડવું કોટ ને બંદર, બળી એ નોકરી કરવી ! કદર.
હશે જે શેઠના સાળા, નહિં કૈં કામ કરનારા;
 મફતનો માલ ખાનારા, બળી એ નોકરી કરવી ! કદર.
ખુશામત શેઠની કરતા સલામો દર કદમ ભરતા;
 બનીને બેફીકર ફરતાં, બળી એ નોકરી કરવી ! કદર.
ઝપાટામાં જમી લઇએ, નિયમસર નોકરી જઇએ;
 છતાં ઠપકો અતી ખઇએ, બળી એ નોકરી કરવી ! કદર.
મળે ના પેટને પુરતું, હૃદય તેથી રહે ઝુરતું;
 અરે ! એ ચાકરી તજ તું ! બળી એ નોકરી કરવી ! કદર.
રજા ના કો' સ્થળે જાવા, ટુંકારા શેઠના ખાવા;
 ભલે એથી બનો બાવા, બળી એ નોકરી કરવી ! કદર.
મળે ફુરસદ નહિં જરીએ, કઠણ થૈ કામ સૌ કરીએ;

છતાં ના આપદ્દા હરીએ, બળી એ નોકરી કરવી ! કદર.
ધરમ કે, ધ્યાન ના થાયે, દિવસ સૌ કામમાં જાયે;
છતાં જો શેઠ ના ચાહે ! બળી એ નોકરી કરવી ! કદર.
ચિવટથી ચાકરી ચ્હડીએ, પરાધિન પિંજરે પડીએ;
છતાં જો રોદણું રડીએ, બળી એ નોકરી કરવી ! કદર.
થયા પરતંત્ર તન તોડી, જુવાની ઝેરમાં જોડી;
છતાં ના પાસ રહી કોડી, બળી એ નોકરી કરવી ! કદર.
મળે સર્વિસ સરકારી, અગર કો' રાજ્ય દરબારી;
ખુશામતની બધે સ્વારી, બળી એ નોકરી કરવી ! કદર.
અધીકારી કંઇ એવા, વસીલાની કરે સેવા;
ખુશામતના જમે મેવા, બળી એ નોકરી કરવી ! કદર.
ખુશામતખોર જન જ્યાં છે ! સુખો 'શંકર' બધાં ત્યાં છે !
કદર તો કામની ક્યાં છે ? બળી એ નોકરી કરવી ! કદર.

ખુશામતથી રાજી થનારને!

—ગઝલ—

તમે બોલી રહ્યા ભાઇ! અમોને બોલવા દેશો!
  અમારા દીલનું તાળું ખુશીથી ખોલવા દેશો! તમે.
તમે બોલ્યા બધું સાચું! કહીશું કેમ હા એ હા?
  ખરૂં ખોટું હૃદય કાંટે તપાસી તોલવા દેશો! તમે.
ગપાટાના સપાટા એ તમારા કામ ના આવે;
  ભરેલી છે અગર ખાલી? ફળીને ફોલવા દેશો! તમે.
તમે બોલ્યા પટારામાં ભર્યા 'મુક્તાફળો મોંઘાં;
  અમારાથી મનાયે ના પટારો ખોલવા દેશો! તમે.
અમે તો સત્યના સાથી ખુશામત છે ખરે ખારી!
  અમારી અલ્પ બુદ્ધિથી અરે! અવલોકવા દેશો! તમે.
તમે માઠું લગાડો તો તમારી મુર્ખતા મ્હોટી!
  તપ્યું જો હોય મસ્તિક તો જરા ઠંડુ થવા દેશો! તમે.
કથન લાગે કદી કડવાં અમોને જો નહિ ચાહો!
  રજા આપો અમે રાજી! જીગરથી હા! જવા દેશો! તમે.
ખુશામતના તમે માલિક! ખુશામતખોર છે ઝાઝા;
  ભલે ભેગા કરી બુદ્ધિ તમારી બોળવા દેશો! તમે.
છતાં પણ શેઠજી મ્હારા! શિખામણ રંકની માની!
  વ્યસન ઝાઝું ખુશામતનું ગળે ના બાઝવા દેશો! તમે.

"તું શું કરે?"

ગઝલ-સોરઠી (હરિગીતમાં પણ ગવાશે)

આ કાષ્ટની માળા અરે! તું ફેરવીને શું કરે?
કિરતાર ના અંતર વિષે હસ્તે ધરી-'તું શું કરે?'
નિત્ય ન્હાય નિર્મળ નીરથી, સરિતા સરોવરમાં જઇ;
પણ મેલ ના મનનો મટયો જળ વાપરી-'તું શું કરે!'
ટીલાં અને ટપકાં કરી, છે ભસ્મ સૌ અંગે ભરી;
પણ શરીરમાં શયતાન છે, ભભૂતી ભરી-'તું શું કરે?'
બસ રામ રામ પુકારતો, પણ પ્રેમ ના પ્રભુના પરે;
ના રે'મ તુજ હૃદયે રહે, ઇશ છેતરી-'તું શું કરે?'
રે! દેવદર્શન માટ તું ફરતો ફરે સૌ મંદિરે;
આકીન ના અંતર વિષે, ફોકટ ફરી-'તું શું કરે?'
તું નેત્ર ઢાંકીને સદા, બસ ધ્યાન ધરતો ઢોંગથી;
પણ ચિત્ત તુજ ચંચળ રહે ફતવા કરી-'તું શું કરે?'
ધારણ કર્યા છે શ્વેત વસ્ત્રો, શ્વેત દિલ કીધું નહિ;
દેખાવ છો સુતકી સદા, ધોળાં ધરી-'તું શું કરે?'
એકાદશી ને અન્ય કૈં ઉપવાસ કરતો કષ્ટથી;
પણ ભ્રષ્ટ છે તુજ ભાવના, ભૂખે મરી-'તું શું કરે?'
જે ડોળ રાખે બ્હારનો, તે હોય જો હૈયા વિષે;
હરિ હાથ છે "શંકર" કહે ખટપટ કરી-'તું શું કરે?'

" યુવાની શું ગઇ ચાલી ? "

—ગઝલ—

હતી તું નાર નખરાલી, હતી મદમસ્ત મતવાલી;
હવે છે હુશ્ન વણુ ખાલી " યુવાની શું ગઈ ચાલી ? "
અરે ! ના ચશ્મ છે કાળી ! ગઇ કયાં ગાલની લાલી ?
બુઢાપાની પીધી પ્યાલી " યુવાની શું ગઇ ચાલી ? "
હતી હા ! તું મનોહારી લટકતી ચાલ કયાં ત્હારી ?
અરે ! કર જયેષ્ટીકા ઝાલી " યુવાની શું ગઈ ચાલી ? "
બદનનો જોસ કયાં ત્હારો ? હૃદયનો રોષ કયાં ત્હારો ?
તુમાખી તૉર કયાં ત્હારો ? " યુવાની શું ગઈ ચાલી ? "
સફેદી શિર પરે ભાળી ગઇ કયાં જુલ્ફો એ કાળી ?
ગરૂરી કેમ ત્હેં ગાળી ? " યુવાની શું ગઈ ચાલી ? "
પડયા છે ગાલમાં ખાડા કળી સમ દંત કયાં ત્હારા ?
ગયા કયાં ચેન ને ચાળા " યુવાની શું ગઈ ચાલી ? "
પ્રફુલ્લિત પુષ્પ એ ઉરનાં કહે તે કેમ કરમાયાં ?
જરા ને જોઈ શરમાયાં ! " યુવાની શું ગઇ ચાલી ? "
બદનમાં ખૂન ના બીંદુ સુકાયો રક્તનો સીંધુ;
ગુમાવ્યું કયાં કહે સંધુ " યુવાની શું ગઈ ચાલી ? "
થયું છે ગાત્ર સૌ ગંદુ ઘટી ગરમી પડયું ઠંડુ;
વળી વ્યવહારમાં મંદુ " યુવાની શું ગઇ ચાલી ? "

" યુવાની" ક્યાં ગુમાવી ત્હેં ? વિષય જ્વાળા સમાવી ત્હેં;
જુદી બાજી જમાવી ત્હેં " યુવાની શું ગઇ ચાલી ? "
" યુવાની" એ ગઇ ત્હારી હવે તો મ્હોતની વારી;
પ્રભુની ભક્તિ કર પ્યારી " યુવાની શું ગઇ ચાલી ? "

કર્કશાનો કંથ !

—ગઝલ—

પુરાણું પાપ જો જાગે, મળે છે કર્કશા નારી;
અકારી જીંદગી લાગે, ખરેખર ! ખારથી ખારી. પુરાણું !
ઉદય થાયે અરૂણનો કે, ઉગે ઉર કલેશ અબળાને;
તપી પોતે તપાવે છે, જીગરમાં ઝખમ કરનારી. પુરાણું !
કુશબ્દો સાસુને ભાખે, નણુદથી સ્નેહ ના રાખે;
નીતિને નીરમાં નાંખે, પતિને પણ પજવનારી. પુરાણું !
શ્વસુરને શાપ આપે છે, દિયરને દાબમાં રાખે;
ગણે ના જેઠ જેઠાણી, જરા ના લાજ ધરનારી. પુરાણું !
ગધેડી ગર્વથી ગર્જે, બિચારાં બાળને મારે;
પડોસી સાથ લડવાને, બને વિક્રાળ વઢકારી. પુરાણું !
નિશાએ નાથને કનડે, કરે ફરિયાદ સર્વેની;
કરે શું ? કંથ કમભાગી, ફરે તલવાર બે ધારી. પુરાણું !
કરી આખો દિવસ ધંધો, ધણી આરામ ઇચ્છે ત્યાં;
કલેજું કોરતી કુબજા, વચનનાં બાણુ રે ! મારી. પુરાણું !
શિખામણ સ્વામિ જો દેશે, કહેશે જૈ કુવો પૂરૂં;
અગર આપો અફીણુ ખાઉં, કહી ભય આપતી ભારી. પુરાણું !

સુવા દે સ્હેજ ના સુખે, જગાડે જામિની આખી;
પ્રભાતે કંથ પરવારી, જશે કે, નીંદ લેનારી. પુરાણું !
સુખી છે કે, દુઃખી સ્વામી, નથી દરકાર દારાને;
અરે ! એ વંતરી વળગી, પતિનું રક્ત પીનારી. પુરાણું !
ભલો ભરથાર શિર જે, "ડરે છે ભૂત ભૂંડાથી;"
પડી તે ટેવ ના જાયે, કરીને લક્ષ ઝખ મારી. પુરાણું !
પ્રભુ જો પત્નિ આપો તો, સગુણી સોંપજો શ્યામા;
નહિં તો નાથ ઈચ્છુ છું, કુંવારી જીંદગી સારી. પુરાણું !

" ચમત્કારે નમસ્કાર ! "

—ગઝલ—

અરે ! કળિયુગની દુનિયાં, સમજતી લેશ ના સાર;
અબોધે ખાય અરબડીયાં, ચમત્કારે નમસ્કાર !
હજારો દેવનાં ડેરાં, સકળ પ્રેમે ન પુજાયે;
પુજારી હોય પાખંડી, ચમત્કારે નમસ્કાર !
પુજારી મંત્ર જ્યાં બોલે, પ્રતિમા દેવની ડોલે;
દીધેલાં દ્વાર ખોલે તો, ચમત્કારે નમસ્કાર !
ધ્વજાઓ આવતી અદ્ધર, ગણાતા દેવ તે સદ્ધર;
તપાસી કોણ જોનાર ! ચમત્કારે નમસ્કાર !
ભરાશે મંડળી મેળા, હજારો માનતા થાશે;
પુજારી પુત્ર પણ આપે, ચમત્કારે નમસ્કાર !
સદાચરણી ભલો સાધુ, નહિ સન્માન કૈં પામે;
" છુમંતર " ભૂત કાઢે તો, ચમત્કારે નમસ્કાર !
સુપાત્રે દાન ના કરશે, અપંગો અન્ન વિણ મરશે;
કુછંદીના થશે શીષ્યો, ચમત્કારે નમસ્કાર !
બનીને નમ્ર પૂછે તો, નહિ કો' રાહ બતલાવે;
દબાવી દમ બતાવે તો, ચમત્કારે નમસ્કાર !
ધરો પોષાક સાદો તો, મિટીંગે માન ના પામો;
વિદેશી વસ્ત્ર વળગાડે, ચમત્કારે નમસ્કાર !
વિનયથી વંતરી બામા, કહ્યું ના કંથનું કરશે;
પડે સોટી સપાટો તો, ચમત્કારે નમસ્કાર !
ચમત્કારે સકળ કૂંચી, અહા ! વશ થાય નરનારી;
વિવેકે ના વિચારે કૈં, ચમત્કારે નમસ્કાર !

" પાનની બીડી ! "

—ગઝલ—

કપૂરી પાન પુનાનું સમારી સાફ મ્હેં કીધું,
કળીના કેશરી ચુના થકી તે ચોપડી દીધું.
સુગંધીનો મુકી કાથો લવીંગે તે દીધું બીડી;
પતિ પ્યારા સ્વિકારોને પ્રિયાની પાનની બીડી !
મુકી છે કાતરી સ્વામી ! સુડીથી કેળ સોપારી;
વળી વીણી ભરી ભાવે ધરીને વ્હાલ વળિયારી.
અહાહા ! ! એલચી મેલી ધરે છે પ્રેમ પંખીડી;
પતિ પ્યારા સ્વિકારોને ! પ્રિયાની પાનની બીડી !
પિયૂ આ પાનની બીડી ભલું ભોજન પચાવે છે;
વળી વાયૂ અને વ્યાધી અજીરણથી બચાવે છે.
મહા સંગ્રામ શરદીને હઠાવાને મચાવે છે;
પતિ તે કારણે લોકો જમીને પાન ચાવે છે !
વદન ફીક્કાસ હરનારી-જમોને પાનની બીડી !
અધરમાં રક્ત ભરનારી-જમોને પાનની બીડી !
કટૂતા દૂર કરનારી-જમોને પાનની બીડી।
મધૂરો સ્વાદ ઝરનારી-જમોને પાનની બીડી !
અનુપમ પાનની બીડી બનાવી લાલ હું લાવી;
મુકીને કામ સૌ અળગાં ઉમંગે આપવા આવી.
સ્વિકારો સ્નેહથી સ્વામી પ્રશંસા શું હવે ગાવી ?
અહોનિશ પ્રેમ માગું છું પતિ દ્યો વ્હાલ વરસાવી !

નિંદાખોરને અર્પણ!

—ગઝલ—

કરે નિંદા અમારી કો' અમોને છે નહિ પરવા!
કરે મ્હેનત બિચારા તે અમારાં પાપને હરવા!
લઈ પૈસા અને ધોબી અમારાં વસ્ત્રને ધોતા';
વિના પૈસે જનો એવા અમારાં પાપને ધોતા'!
હશે જે બાયલા પોતે અગર ધંધા વિના ફરતા';
અદેખા એકઠા થૈને અવર નિંદા અરે! કરતા'.
ધણીની ધાક ના હોયે અગર વિધવા કદી હોશે;
મળી કમજાત કુલટાઓ અવરની કૂથલી કરશે.
હશે ઉસ્તાદ જે એમાં કચેરી ચૉકમાં ભરશે;
મળી બે, ચાર રંડાઓ અરે! નિંદા પછી કરશે.
ભટકતી કેસ લાવે છે વિવેચન વંતરા કરશે;
ચઢી અન્યાયની ગાદી ચળેલી ન્યાય ચૂકવશે!
ફલાણી આમ ચાલે છે! ફલાણો રૉફ મારે છે!
ફલાણી રાંકડી કેવી? ધણીની ધાક ધારે છે!
ફલાણી ફાંકડી કેવી? જુઓ ઘરમાં ચલણ એ'નું;
પિવાડે પાંદડે પાણી નશીબ ચ્હડતું અહા! તેનું.
ફલાણીને ઘણું દુઃખ છે ફલાણીને અતી સુખ છે;
ફલાણી ખાય છે થોડું ફલાણીને ઘણી ભુખ છે!
કરીને કૂથલી એવી અવરનાં ઘર ભગાવે છે;
નથી કંકાસ જે ઘરમાં તહાં ટંટો જગાવે છે!

નિદ્રાને વિનંતિ.

—ગઝલ—

અયે! નિદ્રા! અરે! નિદ્રા! હઠીલી કેમ ના આવે?
કરૂં છું બંદગી દેવી દયા ના કેમ દરશાવે?
પ્રહર બે રાત્રીના વિત્યા ટકોરા બારના વાગ્યા;
સકળ સૃષ્ટી વિસામો લે! અમારા ભોગ છે લાગ્યા!
સ્મરણ ત્હારૂં કરૂં સ્નેહે રસીલી તું રિસાઈ છે;
વિનવણી હું કરૂં વ્હાલી છતાં તું કયાં મનાઇ છે?
નથી દરકાર જે કરતું' કરે તેના પરે દાવો;
અરેરે!! ઉંઘ તું ઉંધી કરે ઈન્સાફ શું આ'વો?
બિચારા જેલના સંત્રી અગર દરવાન દરવાજે;
ફરજ ત્હેની ભુલાવે તું વગર તેડી તહાં ગાજે!
અગર કૈં કામ કરતાને અરેરે!! આવતાં ડોલાં;
બિચારા હોય બેઠેલા છતાં તે જોખતા' તોલાં,
નથી મચ્છર અગર માકણ પવન હા! મંદ આવે છે;
પલંગે હું પડયો ત્રફડું છતાં કયાં નીંદ આવે છે?
કર્યો અપરાધ શું ત્હારો? અરે! તું કેમ કોપી છે?
દયા દિલમાં નથી ત્હારા ખરે! ત્હેં લાજ લોપી છે!
હવે તો ટેક છોડી દે! વિનંતી આ સુણી મ્હારી!
અમીની એક દ્રષ્ટિથી મ્હને લે પાંખમાં ત્હારી!
સકળ કષ્ટો ભુલવનારી! ફિકરને દૂર કરનારી!
મધુરાં સ્વપ્ન દેનારી! દયા કર હે! મનોહારી!

સુખી ગૃહસ્થાશ્રમ !

—શિખરિણી છંદ—

સદા આનંદે જો, સદન સઘળું પ્રેમમય છે,
પિતુ ભક્તિવાળા, સકળ ગુણશાળી તનય છે;
હશે સ્નેહી શ્યામા, મનહર મુખે મિષ્ટ વદતી,
અતિ રિદ્ધિ સિદ્ધિ દિનપ્રતિદિને હોય વ્હડતી. ૧

મળે પ્રેમી મિત્રો, નવ હૃદયમાં સ્વાર્થ ધરતા,
પડે કષ્ટો ત્યારે, તન મન ધને સ્હાય કરતા;
નથી અંગે વ્યાધી, અગર ન ઉપાધી દિલ વિષે,
ભલા આજ્ઞાધારી, અચળ મનના ચાકર હશે. ૨

અપંગો ને સાધુ સતત બસ પોષાય ઘરમાં,
રહે ભક્તિ ભાવે, હૃદય રમતું રોજ હરમાં;
વળી પ્રેમી પોતે, વિમળ મન વિદ્વાન જન છે,
અહા ! જે તે પામે, પરમ પુણ્યશાળી સુજન છે. ૩

* * * *

અહાહા ! ! એથી કૈં, અધિક સુખવાળા સુર નથી !
મળે જો એવું તો, સ્વરગ સુખ એથી દુર નથી !
હશે જેણે પૂર્વે, જપ તપ કરી દેવ રિઝવ્યા !
અહા ! તે પુણ્યાત્મા, સકળ સુખધારી જન થયા ! ૪

"અહાહા!! આજ છે હોળી!"

—ગઝલ—

કસુંબે ચુંદડી બોળી અહાહા!! આજ છે હોળી!
  જમાડું શેવ ને પોળી, અહાહા!! આજ છે હોળી! કસુંબે
ધરી ઘેળાં તને વસ્ત્રો, બનું હું પ્રેમની જોગણ;
  ગુલાલે હા! ભરૂં ઝોળી, અહાહા!! આજ છે હોળી! કસુંબે.
વસાવો કંથ કેસૂડાં, ભરીશું રંગનાં કુંડાં;
  રમાડું રંગમાં હોળી, અહાહા!! આજ છે હોળી! કસુંબે.
સિતારે ચિત્ત સાંધીને, વગાડું પ્રેમથી વ્હાલા;
  સુણાવું રાગ હા! હોરી, અહાહા!! આજ છે હોળી! કસુંબે.
મગાવો રેશમી મલમલ, વળી મજલિન જે મોંઘી;
  કરાવો ચુંદડી ચોળી, અહાહા!! આજ છે હોળી! કસુંબે.
હશે નરનાર નિર્લજ જે, ઉઘાડા ફાગ તે ગાશે;
  શરીરે રાખને ચોળી અહાહા!! આજ છે હોળી! કસુંબે.
બને છે કૈંક જન ઘેલાં, બજારે ભાખતાં ભૂંડું;
  મળી દશ વીશની ટોળી, અહાહા!! આજ છે હોળી! કસુંબે.
ભરે છે ધૂળ માથે કૈં, રમે છે છાણ માટીથી;
  ભલા એ ભીલ્લ કે કોળી? અહાહા!! આજ છે હોળી! કસુંબે.
હશે સજ્જન અને ડાહ્યા, હરિને હેતથી ગાશે;
  હૃદયને ભક્તિમાં રોળી, અહાહા!! આજ છે હોળી! કસુંબે.

ચીત્ર ૪ થું જુઓ!

કનૈયાની બંસી !

—ગઝલ—

કનૈયા કા'ન ઓ મ્હારા ! બજાવો બાંસુરી પ્યારા !
મધુરી બાંસુરી વાગે,
સુકોમળ કાનને લાગે !
રસીક હું બાંસુરી રાગે,
અજાપ જ્યોતી હૃદય જાગે !
ઢળે અંતર અમીધારા ! બજાવો બાંસુરી પ્યારા !-કનૈયા !
ભુલીને ભાન હું ભટકું,
સુણાયો શબ્દ આ ક્યાંથી ?
દિવાની થૈ દિશે દોડું,
ઝમકતો નાદ એ જ્યાંથી !
દિયો દર્શન દયાવાળા ! બજાવો બાંસુરી પ્યારા !-કનૈયા !
કહે છે લોક 'કાનૂડો,'
અજબ જાદૂ જરૂર જાણે !
અહાહા ! ! બંસીના નાદે,
નગર નરનારને તાણે !
ત્રિકમ તાએ બનું તારા ! બજાવો બાંસુરી પ્યારા !-કનૈયા !

આગળના કવર ઉપરનું ચીત્ર જુઓ !

પ્રેમ ચેષ્ટા !

—ગઝલ—

ભલે મમ નેત્ર તું ઢાંકે !
છતાં હૃદયે રમી-રહ્યો છું !
મધૂરી પ્રેમની મૂર્તિ !
જીગરને તું ગમી-રહી છું !
હૃદયને ના શકે રોકી !
દબાવે આંખ કાં ખાલી ?
સુકોમળ હસ્તના સ્પર્શે !
અહા ! મ્હેં ઓળખી વ્હાલી !
હૃદય ધડકે મધુર ત્હેના !
પડે પડઘા જીગર મ્હારે !
છતાં શું ના પિછાનું હું ?
મ્હને બસ મૂર્ખ તું ધારે ?
ચતુરા ચોર પકડાયો !
હવે તુજ હસ્ત દે છોડી !
સલૂણી ભેટ ! બસ સ્નેહે !
જીગર સાથે જીગર જોડી !

પાછળના કવર ઉપરનું ચિત્ર જુઓ !

" ભૂંગળ વિનાની ભવાઇ ! "

—હરિગીત છંદ—

હે ! આર્યબંધુઓ ! તમે, જોયા તમાસા છે ઘણા,
નાટક સિનેમા સર્કસો, રાખી હશે ના કૈં મણા;
ભાળી ભવાઈ પણ હશે, નવું કૈં નિરખવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઈ! જોવા-આવજો !

× × × ×

ગૌરી પુજનનું પર્વ છે, બાળા જુઓ ! ટોળે મળી,
ભુંડુ પરસ્પર ભાખતી, નખરાં કરે નિર્લજ વળી;
કૈં કૂટતી રોતી અરે ! તે સાથ રોવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઈ! જોવા-આવજો !

× × × ×

આવો નવી વહુજી તણી, અત્રે અઘરણી આજ છે,
વાજાં વગાડી લોકને, ભેગા કરે ક્યાં લાજ છે ?
વહુને બનાવે "વાઘ" ભુંડાં, ગીત ગાવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઈ ! ભાઇ ! જોવા-આવજો !

× × × ×

આ લગ્ન મંડપમાં જુઓ ! વિધી યુક્ત મંત્ર ભણાય છે,
વર વહુ વયે ખટ વર્ષનાં, શું લગ્ન યોગ્ય ગણાય છે ?
વર તો ઊંઘે કન્યા રડે, એ અશ્રુ લ્હોવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઇ ! જોવા-આવજો !

× × × ×

આ જાય વરઘોડો જુઓ ! બુઢ્ઢા બબુચકજી તણો,
વર વર્ષ પંચોતેરના, પણ મોહ અંતરમાં ઘણો;
કન્યા વર્યા દશ વર્ષની, ફુલ પાન લેવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઈ! જોવા-આવજો !

× × × ×

આ બારમાની ન્યાત છે ! પુત્રે પિતાનું રૂણ ભર્યું,
ઘરબાર સૌ ગીરો મુકી, પકવાનનું ભોજન કર્યું;
પલ્લુ ગયું પત્નિ રડે; પકવાન જમવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઈ! ભાઈ! જોવા આવજો !

× × × ×

આ દીકરીના દોકડા, લેનાર જીવીદાસ છે,
કન્યા કુવામાં નાંખવાનો, નીચ ધંધો ખાસ છે;
કન્યા દલાલી પણ કરે, તેને ખટાવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઇ ! જોવા-આવજો !

× × × ×

આવો હવે આ પોળમાં, કુળવાન સૌ કહેવાય છે,
પ્હેરામણીથી પરણતા, વસુ કાજ વર વેચાય છે;
બે ચાર બૈરી લાવતા, ઈન્સાફ કરવા-આવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઈ! જોવા-આવજો !

× × × ×

ભાઇ ! ભવાઈ ભાળતાં, આજે અસૂરૂ થઇ ગયું,
મળજો ફરી કો'દી હજુ, જોવું ઘણું બાકી રહ્યું;
જો ઝાંખ આંખે હોય તો; ચસ્માં ખરીદી-લાવજો !
ભૂંગળ વિનાની આ ભવાઇ ! ભાઈ! જોવા-આવજો !

"ઝખ મારવા!"

—સોરઠી-ગઝલ—

જો ઈશને સમરે નહિ, જનમ્યો વૃથા 'ઝખ મારવા;'
  પરમાર્થને પોષ્યો નહિં, જીવ્યો જગે 'ઝખ મારવા'! જો.
ખાધું પીધું હા! ખંતથી, જાડા થયા પાડા સમા;
  પર પીડને પોષ્યો નહિ, જાડા થયા 'ઝખ મારવા'! જો.
મૉજો હજારો મારતા, ગાડી અને ઘોડે ચ્હડી;
  સત્કર્મ કૈં કીધું નહિ, મૉજો કરે 'ઝખ મારવા'! જો.
રાજા થયા કૈં દેશના, પીડા પ્રજાને આપતા;
  રૈયત સદા રડતી રહે, રાજા થયા 'ઝખ મારવા'! જો.
સુખ મેળવે રૈયત સદા, ના રાજ્યને રહેતી વફા;
  ટંટો બખેડો જો કરે, રહે રાજ્યમાં 'ઝખ મારવા'! જો.
બાવા અને યોગી બની, માયા મૂકી ના વેગળી;
  ઢોંગી થઇ જગ ધુતતા બાવા બને 'ઝખ મારવા'! જો.
વિદ્યા ભણી કૈં કૈં શીખ્યા, પંડીત ને જ્ઞાની બન્યા;
  ના જ્ઞાન આપ્યું અવરને, જ્ઞાની થયા 'ઝખ મારવા'! જો.
નખરાં કરે છે નવ નવાં, નિજ નાથને સંતાપતી;
  સંતોષતી ના સ્વામીને નખરાં કરે 'ઝખ મારવા'! જો.
બહુ કષ્ટથી ઉછેરીને, ડાહ્યા બનાવ્યા દીકરા;
  માબાપને માને નહિ, પેટે પડયા 'ઝખ મારવા'! જો.
જો પૂરતું આપે નહિં, જાલિમ જૂલમથી કામ લે;
  એ શેઠીયા કે શઠ છે? જૂલ્મો કરે 'ઝખ મારવા'! જો.
ખાઇ નિમક નિજ શેઠનું, હલાલ ના હેતે કર્યું;
  એ ચાકરો કે ચોરટા? ખાતા નિમક 'ઝખ મારવા'! જો.
વાણી ઉચારી 'શંકરે' સર, નાઇટ કે જે-પી થયા;
  જો દેશ સેવા ના કરી, જે-પી થયા 'ઝખ મારવા'! જો.

"મુંબાઈની ઇમીટેશન શેઠાણી !"

—ગઝલ—

તમે મુંબઈ વિષે આવ્યા, નિહાળી સર્વ હરખાયા;
છતાં સાહેબ ઓ મ્હારા ! જુઓ મુંબઇની શેઠાણી !
અહા ! મુંબઈની અલબેલી ! છકેલી કંઈક સુધરેલી;
લટકતી લાજને મેલી, જુઓ મુંબઇની શેઠાણી !
કરે છે કંથ ઉઘરાણી, લખે નામું નયન તાણી;
છતાં કહેવાય "શેઠાણી" જુઓ મુંબઇની શેઠાણી !
પતિ પરદેશમાં આવે, પ્રિયાને પાસ તેડાવે;
પછી વહુ પાંખ ફફડાવે, જુઓ મુંબઇની શેઠાણી !
સ્વદેશે કામ સૌ કરતી, ખુશીથી ખાંડતી દળતી;
હવે "રામા" વિના રડતી, જુઓ મુંબઈની શેઠાણી !
ઘરે સસરો અને સાસુ, ખરચ વિણ ખેરવે આંસુ;
જમે વહુ મિષ્ટ ફરમાસુ, જુઓ મુંબઇની શેઠાણી !
કુવેથી ખેંચતી પાણી, નણંદની સાચવે ભાણી;
હવે થઇ રાયની રાણી, જુઓ મુંબઇની શેઠાણી !
ઘણી મુંબઈ તણી નારી, બતાવે ઠાઠ બસ ભારી;
ભલે વર થાય ભીખારી, જુઓ મુંબઇની શેઠાણી !
અને મુંબઈની શેઠાણી, કરે પૈસા તણું પાણી;
રળે વર ટાંટીઆ તાણી, જુઓ મુંબઈની શેઠાણી !
પતિ સીત્તેર લાવે છે, સકળ પત્નિ ઉડાવે છે;
છતાં દેવું કરાવે છે, જુઓ મુંબઇની શેઠાણી !

વસાવે નવનવી સાડી, ફુલેલી ફેનસી ચોળી;
ખરીદે બૂટની જોડી, જુઓ મુંબઈની શેઠાણી !
સુવાસિક તેલ ને અત્તર, રૂમાલો રાખતી સત્તર;
ગણે છે કોણ ત્યાં ગણતર ? જુઓ મુંબઇની શેઠાણી !
કબાટો કે તીજોરી ના, છતાં દશબાર ચાવીના;
રૂપાના રાખતી ઝૂડા, જુઓ મુંબઈની શેઠાણી !
જશે નાટક તમાસામાં; અગર સરકસ સિનેમામાં;
ગણે મ્હોટાઇ ભપકામાં, જુઓ મુંબઈની શેઠાણી !
સદા નરવી રહે નાડી, જતાં કૈં જોઇશે ગાડી;
જશે લટકો કરી લાડી, જુઓ મુંબઇની શેઠાણી !
કરે ઘરકામ સૌ ઘાટી; પદમણી પાલવે જાતી;
અહા ! હોંશે હવા ખાતી, જુઓ મુંબઇની શેઠાણી !

\+ + + +

નથી નારી સકળ એવી, સતી કૈં છે સીતા જેવી;
દયા સૌભાગ્યની દેવી, અસલ છે એજ શેઠાણી !
નકલ કરનાર શેઠાણી ! સુણી ના કોપશો વાણી;
હશે પરમાર્થિ ને શાણી, ખરી મુંબઈની શેઠાણી !
અપંગો પર દયા આણી, દુઃખીના દર્દને જાણી;
મદદ દેતાં ન અચકાણી અહાહા !! એજ શેઠાણી !
સ્થિતિ સ્વામીતણી જાણી, વિના "ઘાટી" ન ગભરાણી;
શિયળવંતી વિનયવાળી, ગુણી ગૃહરાજ્યની રાણી.

એ નિશ્ચય નર્કે જશે.

—સોરઠા—

બાપ થઇને આપ, વિક્રય કન્યાનો કરે;
બાપ નહિ પણ સાપ "એ નિશ્ચય નર્કે જશે."

પોતે મારે મોજ, માત પિતા ભૂખે મરે;
જનમ્યા પેટે બોજ, "એ નિશ્ચય નર્કે જશે."

કરે અન્યથી પ્યાર, પતિવૃત જો પાળે નહિ;
વ્હાલો છે વ્યભિચાર, "એ નિશ્ચય નર્કે જશે."

ઘેર સલૂણી નાર, રાંડોમાં રખડયા કરે;
ધીઃક ધર્યો અવતાર, "એ નિશ્ચય નર્કે જશે."

પતિ પત્નીનો પ્રેમ, વ્હેમ ઘલાવી તોડતા;
હ્રુદય વિષે ના રે'મ "એ નિશ્ચય નર્કે જશે."

જુઠાણાનું જોર, સત્ય નહિં સ્વપ્ના વિષે;
છે ઈશ્વરના ચોર, "એ નિશ્ચય નર્કે જશે."

આપીને વિશ્વાસ, નાશ કરે છે આશનો;
લે કૈંના નિશ્વાસ, "એ નિશ્ચય નર્કે જશે."

પરધન પરનો માલ, ચોર બનીને ચોરતા;
નહિ થાવાના ન્યાલ, "એ નિશ્ચય નર્કે જશે."

ખાય શેઠનો માલ, હલાલ ના હેતે કરે;
હરામ ચાલે ચાલ, "એ નિશ્ચય નર્કે જશે."

ઉપકારે અપકાર, અવસર આવે આપતા;
કરે ભૂમિને ભાર, "એ નિશ્ચય નર્કે જશે."
રાજા થઈને આપ, રૈયતને રંજાડતા;
પડે પ્રજાના શ્રાપ, "એ નિશ્ચય નર્કે જશે."
ગુરૂ અગર થઈ દેવ, દુર્ગુણમાં ડૂબી મરે;
વૃથા કરાવે સેવ, "એ નિશ્ચય નર્કે જશે."
ગરીબ કેરી હાય! આંતરડી કકળાવશે;
જડામૂળથી જાય, "એ નિશ્ચય નર્કે જશે."
પરનીંદા કરનાર, ચાડી ચુગલી જે કરે;
ના કો' દી-તરનાર, "એ નિશ્ચય નર્કે જશે."
કરે બરોબર ભાવ, ઓછું આપે તોલમાં;
કો' કરશે અટકાવ, "એ નિશ્ચય નર્કે જશે."
ભરે બરોબર હાથ, તસુ ઘટાડે ફાડતાં;
જુએ જગતનો નાથ, "એ નિશ્ચય નર્કે જશે."
યોગ અને સન્યાસ, જગ ધૂતી ખાવા ધરે;
મન માયાની પાસ, "એ નિશ્ચય નર્કે જશે."
ખોટી પૂરે શાખ, લાંચ લઇ રાજી થતા;
અંતે રહેશે રાખ, "એ નિશ્ચય નર્કે જશે."
અધીકારનું જોર, જુલ્મ કરી અજમાવતા;
બને ન્યાયના ચોર, "એ નિશ્ચય નર્કે જશે."
એમ હજારો લાખ, પાપ વસાવી પરવરે;
છે ઇશ્વરની શાખ, "એ નિશ્ચય નર્કે જશે."

પરીક્ષા વિના નકામું !

—સોરઠો—

મોતીનું શું મુલ્ય ? વાનર જ્યાં ટોળે વળ્યાં;
ત્હેને તો ફળ તુલ્ય, ફોડીને ફેંકી દિયે !
ગમાર જનને જાણ, ગુણવંતી ગોરી મળે;
કરી ન શકે પિછાણ, ભવ બગડે ભામા તણો !
હોય પુરૂષ વિદ્વાન, નાર મળે જો શંખણી;
આપીને અપમાન, લાજ ઘટાડે લોકમાં !
બ્હેરા આગળ ગાન, મધુર સ્વરે જન કો' કરે;
ચ્હડે ન ત્હેને તાન, વૃથા દુઃખાવે કંઠને !
દુનિયાંનો દેખાવ, અંધાને શું કામનો ?
પડે નકામી સાવ, 'અંધા આગળ આરસી' !
ઊત્તમ હીરો એક, જડે કદી કુંભારને;
કાચ ગણીને છેક, બાંધે ગર્ધવના ગળે !
ગાંડાને જો જ્ઞાન, ગુણવંતો દેવા જશે;
શું પામે સન્માન ? માન ભંગ તે થાય છે !
મધુર કાવ્ય રસદાર, રસિક વિના શું કામનું ?
ગુણ સમજે ન ગમાર, ભવાઇમાં મનડું ભમે !
પતિવૃત કેરો પંથ, પાતર શું જાણી શકે ?
અતિ અબળાનો કંથ, પ્રેમ કદી ન પીછાણશે !
એમ પરીક્ષા વીણ, મોંઘું પણ શું કામનું ?
કૈં અક્કલના હીણ, લાભ ગુમાવે લક્ષનો !

મસ્તાન ફકીર !

—ગઝલ—

અરે ! કો' ઝેરની ફાકી ! ખુદાનો લાલ લાવોને;
ફકાવી ફેંસલો લાવો મ્હને મુરદું બનાવોને !
નથી નેકી, મગર બદી તણો અન્જામ આવ્યો છે;
જહાંથી કૂચ કરવાનો જુઓ પયગામ આવ્યો છે !
અયે કમબખ્ત નાદાની ! બુરાઇ યાદ આવે છે;
જીગરને ચાક કરવાને જુઓ ! જલ્લાદ આવે છે !
નથી ખયરાત કીધી તે ખુદાથી માગવાનો છું;
તજીને રાહ જીન્નતનો અરે ! જહન્નમ જવાનો છું !
અરે ! ઇસ્લામ મજહબમાં મના છે હા ! શરાબીની;
મગર તેનો બન્યો બંદો ! કસુર ખાના ખરાબીની !
જુગારે જર ગુમાવીને ગનીનો છું ગદા આજે;
ફકીરી હાલ આ મ્હારો અરેરે ! પેટને કાજે !
ભરીને જામ પીતાં હું ખુદાઈ રાહને ભૂલ્યો;
નતીજો આ મળ્યો ત્હેનો જહાંના શાહને ભૂલ્યો !
તજી મસજીદ હું હરદમ જતોતો' હાય ! મયખાને !
ખુદાની બંદગી કરવા ભુલાવ્યો હાય ! શયતાને !
ભુલી ઇન્સાનનો દાવો બન્યો હયવાન હું હાયે !
નશા ને નાચ મુજરામાં રહ્યો ગુલતાન હું હાયે !
ગુલોના બાગને છોડી ગટરની છે હવા લીધી;
ખુદાના નૂરને છોડી શરાબી જામ મ્હેં પીધી !

બિરાદર કોઇ આવોને! ડુબૂં છું હું બચાવોને!
કદમ પર સર ઝુકાવું છું અદલ રસ્તો બતાવોને!

* * * *

" ભલાઇ કર અયે! આદમ! રહે આ દમ જહાં સુધી!
ખુદાનું નામ લે હરદમ! રહે હર દમ જહાં સુધી!"

"પત્નિ પ્રેમ પરિક્ષા!"

—ભુજંગી તથા ગઝલ—

અહો ! નાથ આજે દિસો કાં ઉદાસી ?
અરે ! આનને શોક છાયા પ્રકાશી;
વિનંતી કરે આપને દીન દારા,
કહો સત્ય સ્વામી પ્રભુ પ્રાણ મ્હારા.
પધારો ગૃહે સાંઝના શાન્ત પેખૂ,
સદા નાથ આનંદમાં મૂખ દેખું;
નથી આજ આનંદ કે, શાન્તિ પ્યારા,
કહો સત્ય સ્વામી પ્રભુ પ્રાણ મ્હારા;
નથી ચેન ચિત્તે નડી કૈં ઉપાધી ?
વદો સત્ય વ્હાલા થયો કૈંક વ્યાધી ?
દુઃખી દેખતાં છે દુઃખી આપ દારા,
કહો સત્ય સ્વામી પ્રભુ પ્રાણ મ્હારા.
ઉમંગે વધાવા મુકી કામ આવી,
પિયો નાથ પાણી ભરી પાત્ર લાવી;
પતિ ચર્ણ ચાંપુ વદો ચક્ષુ તારા !
કહો સત્ય સ્વામી પ્રભુ પ્રાણ મ્હારા.

*   *   *   *

પ્રિયા શાન્ત થા શું ત્હને કષ્ટ કે'વું ?
ટળે કષ્ટ તું'થી નથી હાય એવું;
નથી વ્યાધી કૈં છે ઉપાધી અકારી;
કહી ના વૃથા દૂભવું પ્રાણ પ્યારી.
ટળે કષ્ટ કે'વા થકી ના કદાપી,
સુણી હાય ! શાણી રહે શોક વ્યાપી;
થવાનું હશે તે થશે એમ ધારી,
કહી ના વૃથા દૂભવું પ્રાણ પ્યારી.

* * * *

ભલે કષ્ટ એવું હશે તો સહીશું,
પતિના દુઃખે દુઃખીયાં હા રહીશું;
સુણી શબ્દ સ્વામી ! વહે અશ્રુધારા,
કહો સત્ય સ્વામી પ્રભુ પ્રાણ પ્યારા.
કદી કષ્ટ ટાળી શકાયે ન પ્યારા,
છતાં દૈ દિલાસો શકું નાથ મ્હારા;
અરે ! અશ્રુ સાટે દઈ રક્ત ધારા,
કહો સત્ય સ્વામી પ્રભુ પ્રાણ મ્હારા.

* * * *

અતી હઠ ત્હારી હવે હું જણાવું,
કથા કષ્ટની રે ! સલૂણી સુણાવું;
દિલાસો નહિ તો ભલે દોષ દેજે,
દુઃખી થાય તો કંથને કાજ સ્હેજે.
કુસુંગે ચઢીને કર્યો હાય ! સટ્ટો,
અરે ! આબરૂને લગાડયોજ બટ્ટો;

હતી શેઠની ઉઘરાણુી જ આવી,
અરે ! હાય સટ્ટા વિષે સૌ ગુમાવી.
હતા બારસો રૂપિયા મુજ પાસે,
બધા હાય ! હાર્યો હવે કેમ થાશે ?
નથી બાર તો બારસો કયાંથી લાવું ?
અરે ! હાય સુઝયું મ્હને કેમ આ’વું ?
અરે ! હાથે કરીને મ્હેં લગાવી પેટમાં પાળી !
કુહાડીથી અરે ! કાપી હતી જે બેસવા ડાળી !
અહા ! ફળફૂલ દેનારા બગીચાને દિધો બાળી !
અરેરે ! ! આવતી રોજી પ્રિયા સટ્ટા કરી ટાળી !
ખબર જો શેઠને પડશે કદી ના માફ તે કરશે !
ખરા ખોટાં તણો અંતે અરે ! ઇન્સાફ-તે કરશે !
કર્યો સટ્ટો અરે ! મ્હેં તે સુણીને કોપ તે કરશે !
કરાવે કેદ તે મુજને દયા દિલમાં નહિ ધરશે !

* * * *

કથા આ કષ્ટની સુણુતાં કલેજું કંથ ફાટે છે !
ઘરેણાં ને વળી પલ્લું પછી તે કોણુ માટે છે ?
મુકી ગીરો અગર વેચી અનામત શેઠની આપો !
કરો ના નાથ કૈં ચિંતા કથોલુ કષ્ટ આ કાપો !

* * * *

ઘરેણાં ના ગૌરો મૂકું પિયરથી તું પ્રિયા લાવી !
નથી પલ્લા પરે સત્તા થવાનું તે થશે ભાવી !
કરૂં કંગાલ ના તુજને, સુખેથી કેદને સેવું !
જવા દે વાત એ વ્હાલી કરૂં ના કામ હું એવું !

વદો શું નાથ આ વાણી? પરાયું કાં તમે જાણો?
પિયરની શું હવે સત્તા? પતિ તકરાર કાં તાણો?
અપાયું દાન કન્યાને પિતાનો ના પછી દાવો,
ઘરેણાંને મુકી ગીરો રૂપૈયા રોકડા લાવો.
ભિખારી હા! ભલે થૈશું તજીશું ટેક-ના પ્યારા!
મજૂરી અન્યની કરતાં ડગીશું છેક-ના પ્યારા!
ગણો ભરથાર ભામાનાં હૃદય શું એક-ના પ્યારા!
તમારો ને અમારો તે નવો છે નેક-ના પ્યારા!
કદાપી કષ્ટ જો પડશે સહીશું-કંથના માટે!
અરે વેરાન જંગલમાં રહીશું-કંથના માટે!
ભલે આ દેહને વેંચો! કહીશું કંથના માટે!
અરે! અપવાસ જો પડશે ચહીશું કંથના માટે!

પતિકાજ તારામતી કષ્ટ પામી,
હરિશ્ચંદ્ર જેવો હતો શીર સ્વામી;
બની અન્ય દાસી પતિ રૂણ વાળ્યું,
મહા કષ્ટ સ્વામી તણું સદ્ય ટાળ્યું.
સતી અન્ય કૈંએ કરી સ્વામી ભક્તિ;
મહા માન પામી મળી સદ્ય મુક્તિ;
સતી કૈં બળી ભસ્મ થૈ નાથ સાથે,
પતિ ભક્તિ એ'વી હણ્યા પ્રાણ હાથે.
અરે! અલ્પજ્ઞાની કરી શું શકું હું?
છતાં આપને નિજ આત્મા ગણું હું;
વૃથા વાદ મેલી ઘરેણાં વટાવો;
અહા! રોકડા રૂપિયા નાથ લાવો.

નથી યોગ્ય હું આપને શીખ દેવા,
છતાં થાય ઇચ્છિા અરે ! કૈંક કે'વા;
ક્ષમા આપની હે કૃપાનાથ ! માગું,
પછી શબ્દ બે નમ્રતા ધારી ભાખું.

મળે મ્હેનત તણી રોજી ખુશીથી નાથ તે ખાવી;
અવરની ના કરો ઇચ્છા ! વૃથા હા ! લોભ વરસાવી;
હરામી માલ મેળવવા કરે છે યત્ન જે સ્વામી,
ગુમાવે ગાંઠનું નાણું અતીશે કષ્ટ તે પામી.

હવે અફસોસને છોડી સલુણા શ્યામ છો શાણા,
કહ્યા તે યત્ન અજમાવી ભરોને શેઠના નાણાં;
નહિ શંકા ધરો કાંઈ નથા ' પારકું પ્યારા !
અરે ! આ દેહ છે અર્પણ સદા શિરછત્ર છો મ્હારા !

* * * *

પ્રતિમા પ્રેમની મ્હારી ભલી આ શીખ ત્હેં દીધી,
કસોટી પ્રેમની આજે અહાહા ! પુર્ણ મ્હેં કીધી !
તરુણી મ્હેં તને તાવી ટકી તું તાપની પાસે,
અહાહા ! ! ધન્ય છે ભામા ! પતિ ભક્તિ ભલી ભાસે.

નથી સટ્ટો કર્યો મ્હેં તો ગુમાવ્યું છે નહિ નાણું,
પરિક્ષા પ્રેમની જોવા ત્રિયા મ્હેં મેળવ્યું ટાણું;
નથી એવી સકળ નારી ઘરેણું ગાંઠનું આપે,
સમય કળિયૂગનો છે આ હ્રુદયમાં સ્વાર્થને છાપે.

* * * *

કરે સૌ તે અમે કીધું પરીક્ષા શું ત્હમે લીધી?
કસોટી એ નહિ પ્યારા ! અહા ! હાંસી ત્હમે કીધી !
ભરીને ઝેરની પ્યાલી ધરો જો નાથ તો લઇએ !
હૃદયમાં નાથને લાવી ખુશીથી ઝેર પી-જઇએ !

હવે નાથ મ્હારા પધારો રસોડે,
જમાડું રસોઇ અહા ! આજ કોડે;
ફરી ના કરો આ પ્રમાણેજ હાંસી,
દુભાયે અતિ આપની નાથ દાસી;

* * * *

અહા ! પ્રાણ પ્યારી થયો ખેલ પૂરો,
જુગારી તણો છેજ અન્જામ બૂરો;
જુગારે જીતી તું પતિને હરાવી,
પતિ ભક્તિ ત્હેં આજ પૂરી જણાવી.

નમું કિરતાર કરૂણાળુ કૃપા તું હીંદ પર કરજે !
અહા ! સૌ હિંદવાણીમાં પતિ ભક્તિ સદા ભરજે !
વિનંતી આ કરી મ્હેં તે દયાળુ ધ્યાનમાં ધરજે !
અમારા હિંદના કષ્ટો અહા ! કિરતાર તું હરજે !

માફી અને સલામ !

—ગઝલ—

અમારી કો' કવિતાથી, અરે ! માઠુ હશે લાગ્યું;
મુરબ્બી માફ તો કરજો, વચનનું બાણુ જો વાગ્યું.
કવિતાની કસુર કૈં ના, કલમને કોપથી કાપો;
લખે છે લોકની નીંદા, ભલે બદલો તમે આપો.

× × × ×

વિવેકે જો વિચારો તો, કલમની પણ કસુર છે ના;
કલમ ધરનાર એ કરને, કરો શિક્ષા હવે તો હા !

× × × ×

કરે શું ? કર બિચારોએ, રહ્યો આધિન અંતરને;
કહે જે તે મુજબ કરતો, કરો બસ કેદ એ મનને.
પરાયાં છીદ્ર જોવાની, બુરી આદત–પડી એને;
પછી પોગળ પકડવામાં, પુરી લહઝત–પડી એને.

× × × ×

મહા મસ્તાન એ મન છે, કદી કબજે નહિ થાયે;
પ્રવેશે સદ્ય પાતાળે, ઉડી આકાશમાં જાયે.
જવા ઘો નામ ઝાલિમનું, તમારૂં જોર ના ચાલે,
ગુન્હો તેનો ગણાયે ના, વિચારો ! રાસ્ત મત આલે.

× × × ×

બિરાદર દરગુજર કરજો પધારો ! આવજો પ્યારા !
જીગરની સો સલામો છે, કબુલ તે રાખજો પ્યારા !

—સમાપ્ત—



પ્રાર્થના.

—ગઝલ—

ભલે દુશ્મન બને દુનિયાં, ત્હમે ના કોપશો બાપુ !
અમીમય આંખ ક્યારીમાં, અફીણુ ના રોપશો બાપુ !
તમારી જ્યાં દયા દ્રષ્ટિ, અહાહા !! ત્યાં અમી વૃષ્ટિ !
બને સ્નેહી સકળ સૃષ્ટિ, સદા હૃદયે વસો બાપુ !
કરો જો આંખને રાતી, ગ્રહો સઘળા બને ઘાતી !
થશે વૈરી હશે સાથી, નમેરા ના થશો બાપુ !
અમારા દોષ ના જોશો, દયાળુ દુર્ગુણો ધોશો !
અમે તો આપનાં છોરૂ ! સુબુદ્ધિ આપશો બાપુ !
નથી શ્રદ્ધા અમોને તે, શિખામણ આપીએ તમને;
સુણી દીન બાળની વાણી, મધૂરૂં શું હસો? બાપુ !

સમરકંદનો શાહજાદો રસદાયક નવલકથા. ... ... ૧—૦—૦
અનુપકુમારી (કાશ્મીર પર હલ્લો)... ... ... ૧—૦—૦
બાપ કે સાપ (એક ઘાતકી પિતાના કાળા કૃત્યો) ... ૧—૦—૦
ઝોહરા (એક બેતરૂપી વાર્તા) ... ... ૦—૧૨—૦
આંતરધ્વનિ (નવલકથા)... ... ... ૧—૦—૦
નજીર (નજીરની બેતો જગવિખ્યાત છે) ... ... ૧—૦—૦
રાજ્યના રીપુ ભા. ૧—૨ (રાજ્યખટપટનો અચ્છો ચીતાર) ૨—૪—૦
ઈંદ્રકુમાર (રસમય નવલકથા) ... ... ૧—૦—૦
મણી અને મોહન (એક દુઃખી ભાઈબેન)... ... ૨—૦—૦
મોહબતી બજાર (રસીક નવલકથા) ... ... ૧—૮—૦
જમસેદની જેહમત (રસીક નવલકથા) ... ... ૧—૮—૦
અરબીયન ટેલસ ભા. ૧—૨ ... ... ૫—૦—૦
અમરસિંહ (ડીટેકટીવ) ... ... ૧—૦—૦
ખલીફના અદ્દભુત પરાક્રમો (વાર્તા)... ... ... ૧—૦—૦
પાપ પુન્ય (ડીટેકટીવ)... ... . ૦—૧૨—૦
ચુમીની મોકાણુ (નિર્દોષ વાર્તા) ... ... ૧—૮—૦
સીતમગર (સીતમગર જરૂર વાંચો) ... ... ૨—૦—૦
મંચીમકારો (નવલકથા) ... ... ૧—૮—૦
ભુંડાનો ભેદ (નોવેલ) ... ... ૧—૮—૦
પારસી પુત્રી પ્રકાસ (ઘણુંજ ઉપયોગી) ... ... ૧—૪—૦

સોજીતરીઆ બ્રધર્સ-બુકસેલર્સ.
ઠે. ગણેશવાડી-મુંબઈ નં. ૨.

ખાસ ધ્યાનમાં રાખવા લાયક

સૂચના!

"મણિકાન્ત કાવ્યમાળા" ની ત્રીજી આવૃત્તિની હવે જુજ નકલો સીલીક છે. સચિત્ર ચોથી આવૃત્તિ સુધારા વધારા સાથે છપાઇને થોડા વખતમાં બહાર પડશે. તેની કીમત કાગળ વીગેરેની મોંઘ-વારીને લીધે રૂ. ૧-૮-૦ રાખવામાં આવશે.

સાજીતરીઆ બ્રધર્સ

બુકસેલર્સ.

ઠે. ગુલાલવાડી-મુંબઇ નં. ૨



ભલે મમ નેત્રનું ઠારે! છતાં હૃદયે નમો-સદા હું!
મદીય પ્રેમની મૂર્તિ! ઉગરને તું નમો-સદા હું!

'મણિકાન્ત.'